**આદ્યતંત્રીઓ**
"પ્રકાશ"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 52 / 2012**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## શું સામાન્ય જ્ઞાતિજન જ્ઞાતિથી વિમુખ થઈ રહ્યો છે? – *પ્રવિણચંદ્ર એસ. ઘરમશી (સુરત)*

ઉપરોક્ત પ્રશ્નનો શું ઉત્તર હોઈ શકે? દરેક ક.દ.ઓ.. જ્ઞાતિજન આ પ્રશ્ન પર વિચારે અને પોતાનો ઉત્તર શોધે.. મારો પ્રમાણિક અને નિષ્પક્ષ ઉત્તર છે હા, મારો આ જવાબ પ્રકાશ સમીક્ષામાં પ્રસિદ્ધ થયેલ આંકડા અને વિગતો પર આધારિત છે.

(૧) વર્ષ ૨૦૧૦માં મુંબઈ મહાજન અને શ્રી અનંતનાથ ટ્રસ્ટની ચુંટણીમાં માત્ર ૪૮% મતદાન થયું.. જેનો બીજો અર્થ એ છે કે ૫૨% એટલે કે બહુમતીએ મતદાન જ ન કર્યું.. આ ચુંટણીમાં માત્ર મુંબઈ અને તેની આજુબાજુના વિસ્તારમાં રહેતા જ્ઞાતિજનો જ મતદાર હતા.. મુંબઈ જ્ઞાતિની મોટાભાગની પ્રવૃતિઓનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. ત્યાં જો આ પરિસ્થિતિ હોય તો મુંબઈ બહાર રહેતા 'દેશાવર'માં જ્ઞાતિજનોનો જ્ઞાતિ પ્રત્યે શું અભિગમ હોઈ શકે? અંગ્રેજી કહેવત 'આઉટ ઓફ સાઈટ ઈઝ આઉટ ઓફ માઈન્ડ'નું કદાચ ભાવાર્થ 'જે નજરથી દુર છે તે મગજથી દુર છે' આ વાક્ય દેશાવરમાં રહેતા જ્ઞાતિજનોની માનસિકતા કે અભિગમને કદાચ યોગ્ય રીતે રજૂ કરે છે.

(૨) લગભગ બે વર્ષ પેલાં મુંબઈમાં જ અરિહંત બેંકમાં પણ સંચાલકો માટે ચુંટણી હતી જેમાં માત્ર ૧૨% મતદાતાઓએ જ મતદાન કરેલ!

(૩) લગભગ એકાદ મહિના પહેલાં પ્ર.સ.માં જ્ઞાતિના આઠમાં વસતીપત્રક સમિતિની જ્ઞાતિજનોને વસતીપત્રકના જરૂરી ફોર્મ ભરીને પાછા મોકલવાની અપીલ હતી.. આ અપીલમાં એમ પણ જાણાવાયેલ કે લગભગ ૫૦% જ્ઞાતિજનોએ નિયત સમય સુધી પોતાના ફોર્મ ભરીને સમિતિને નથી મોકલ્યા! શું આ પરિસ્થિતિ દુઃખદ નથી? લગભગ છેલ્લા એક વર્ષથી આપણી જ્ઞાતિના આઠમા વસતીપત્રક પ્રકાશિત કરવા માટેની ભગીરથ કાર્યવાહી ચાલુ છે છતાં પણ જ્ઞાતિજનોનો પ્રતિભાવ ખુબ જ શુષ્ક છે.

(૪) 'પ્રકાશ સમીક્ષા' તા..૩-૯ નવેમ્બર ૧૨ના અંકમાં શ્રી સોમ ઘરમશીએ પ્રકાશ સમીક્ષાના વાંચકવર્ગ વિષે કેટલીક આંકડાકીય માહિતી 'ચર્ચાના ચોતરે' વિભાગમાં રજૂ કરેલ.. જેના પ્રમાણે લગભગ ૬૦% જ્ઞાતિજનો 'પ્રકાશ સમીક્ષા' વાંચતા જ નથી" બાકીના ૨૦% માત્ર ઉપર ઉપરથી જ પ્ર.સ. પર નજર નાખે છે. માત્ર ૨૦% જ્ઞાતિજનો જ કદાચ પ્ર.સ.ને બરાબર વાંચે છે. લગભગ નિશુલ્ક મળતા જ્ઞાતિના મુખપત્રને વાંચવાની પણ આપણા જ્ઞાતિજનો જો દરકાર ન કરે તે આઘાતજનક નહીં પણ દુઃખદ પરિસ્થિતિ છે.

આ ચાર મુદ્દાઓ તો માત્ર ઉદાહરણ રૂપે છે. આપણે મોટા ભાગના જ્ઞાતિજનો એ જે રીતે આપણી જ્ઞાતિની સંસ્થાઓ કે અસકયામતોનું સંચાલન થઈ રહ્યું છે જેમકે અનંતછાયા મહાજનવાડી કે પછી વિદ્યાર્થીગૃહ તેના વિશે મૌન જ સેવેલું છે. જ્ઞાતિજનોનો આવો અભિગમ આપણી નાનીશી જ્ઞાતિ માટે હાનીરૂપ છે. આવા વલણના કારણે સંબંધિત હર્તાકર્તાઓને મનમાની કરવા મોકળું મેદાન મળી જાય છે. અને જે અંતમાં અવ્યવસ્થા, ગેરવહિવટ અને પછી આપણી અસ્કયામતોનું જ્ઞાતિથી દુર થઈ જવાની સ્થિતિમાં આવી જાય છે.

પહેલાંના જમાનામાં કહેવાતું કે 'યથા રાજા તથા પ્રજા' ત્યારે રાજાઓ કે સુલતાનો રાજ કરતા હતા જેને રાજાશાહી કહેવામાં આવતી, પણ હાલમાં લોકશાહી છે તેથી નવી કહેવત છે 'યથા પ્રથા-તથા રાજા' શું આપણે આપણી ચૂપકિદિથી આપણાં કહેવાતા નેતાઓના કાર્યોને સમર્થન આપી રહ્યા છીએ?

પ્રકાશસમીક્ષાના તંત્રીમંડળે પ્રકાશ સમીક્ષાના માધ્યમથી સમસ્ત જ્ઞાતિજનોને 'ચર્ચાને ચોતરે' વિભાગમાં જ્ઞાતિનાં પ્રશ્નો કે મુદ્દાઓ માટે નિર્ભિક રીતે લખવા અપીલ પણ કરી છે. પણ માત્ર અલ્પસંખ્યક જ્ઞાતિજનોએ આ વિભાગનો ઉપયોગ કર્યો છે. આપણે હમેશાં ગર્વથી કહીએ છીએ કે, જ્ઞાતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૯૨% જેટલું છે. પણ સખેદ જણાવવાનું

કે વિરોધ કરવાનું તો દુર રહ્યું પણ પોતાના વિચારો પણ રજુ કરવાની ભાગ્યે જ કોઈએ તકલીફ લીધી છે. શું એ જ્ઞાતિજનોની હાલની નેતાગીરી સામે અવિશ્વાસની દરખાસ્ત છે? આ પ્રશ્નનો ઉત્તર કદાચ હાલના નેતાઓ પાસે હોય!

આ સ્થાને હું મારો વ્યક્તિગત અનૂભવ રજુ કરું છું. શ્રી સોમ ઘરમશીએ જે માહિતી આપેલ છે તેને સમર્થન આપે છે. થોડા મહિના પહેલાં મારે ગુજરાતના એક શહેરમાં જવાનું થયું જ્યાં મારો જ્ઞાતિમિત્ર પણ છે જે બે-એક કચ્છી જૈન સંસ્થાઓ સાથે સંકળાયેલ છે અમે ગપ્પા મારતા હતા ત્યારે વાતવાતમાંથી જ્ઞાતિની પ્રવૃર્તમાન સ્થિતિ અને જ્ઞાતિના મુખપત્રો જેમકે 'પ્રકાશ સમીક્ષા' કે 'પાંજો પ્રતિબિંબ'ની ભૂમિકાની પણ વાત નીકળી. મારા આર્શ્ચય સાથે તેણે જણાવ્યું કે તે ભાગ્યે જ આ જ્ઞાતિના મુખપત્રો વાંચે છે કારણ કે તે વાંચન માટે સમય જ નથી મળતો! જો જ્ઞાતિના કહેવાતા કાર્યકરો કે નેતાઓની આ હાલત હોય તો સામાન્ય જ્ઞાતિજન પાસેથી શું અપેક્ષા રાખવી.

પ્રકાશ સમીક્ષાના તા.૩-૯ નવેમ્બર ૨૦૧૨ના અંકમાંનો લેખ "કચ્છઃ ખરતો જતો ભૂસ્તર ભાગ?" કદાચ અર્થ સત્ય છે બાકીનું અર્ઘ સત્ય છે "કચ્છઃ વિસરાતી જતી સંસ્કૃતી."

***(ફોન : ૦૯૯૭૮૯૦૩૨૪૭)***


EXHIBITION MAHAVIR MATUNGA EXHIBITION MAHAVIR MATUNGA

**EXHIBITION CUM - SALE**
**OF**
**'MAHAVIR' - MATUNGA - MUMBAI**
**Tel. : 24025070 / 8652239537**

At
**CYMROZA ART GALLERY**
**BREACH CANDY, MUMBAI**
**Tel.: 65046030 / 23671983**

On
**Mon 17/12/12 to Sun. 23/12/12**
**Discount 20% to 50%**

- Hand and machine Parsi Gara Ready and Make to order
- Machine work (Parsi) Kurtee Material
- Wedding Fancy Sarees
- Plain Saree Material and Borders
- Make to order and Alteration work is our speciality
- We Buy Old Real Jari Saree-Kore and Small Pieces also at best price

EXHIBITION MAHAVIR MATUNGA EXHIBITION MAHAVIR MATUNGA


## હાર્દિક અભિનંદન !



**દીપક ભુપેશ નાગડા**

જન્મ તા.૮-૧૨-૧૯૮૯

(નલીયા-દાવણગેરી)

ચિ. દીપક Ernst & Young (Banglore) કંપનીમાં એડવાન્સ ટેક્સ એનાલીસ્ટ પદે કાર્યરત છે. હાલમાં કં તરફથી જીનીવા-સ્વીત્ઝરલેન્ડમાં ચાર માસ વધુ ટ્રેઈનીંગ-અભ્યાસાર્થે ગયેલ અને પરત આવેલ છે. એની સિધ્ધી બદ્દલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોતર યશસ્વી ભાવિની શુભેચ્છાઓ...

**~ અમી આશિર્વાદ ~**

દાદાણાં : **શા. જેઠાભાઈ એ. નાગડા પરિવાર** (નલીયા-દાવણગેરી)
નાનાણાં : **શા. ડુંગરશી ડી. છેડા પરિવાર** (નલીયા-ગદગ)
માતા-પિતા : **સૌ. જ્યોતિ ભુપેશ નાગડા**

# ઇતિહાસના પાનેથી... રાજગૃહીમાં યાદગાર ચાતુર્માસ

પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરિજી મ.સા.ની ઉત્તર ભારતની યાત્રાનો મુખ્ય ઉદ્દેશ પરમાત્મા મહાવીર દેવની વિહાર ભૂમિની સ્પર્શના કરવાનો પણ હતો. ભગવાન મહાવીરના નિવાર્ણ સ્થળ પાવાપુરીમાં એક ચાતુર્માસ કર્યા પછી આચાર્ય મહારાજની બીજી એક મનીષા હજી અધૂરી હતી : "પરમાત્મા મહાવીર દેવે જે રાજગૃહી નગરીમાં ૧૪ ચાતુર્માસ કર્યાં ત્યાં ઓછામાં ઓછું એક ચોમાસુ કરવું."

એ સમયે રાજગૃહીની પહાડી ઉપર માત્ર જૈન દેરાસરો જ હતાં. તળેટીમાં એક પણ ધર્મશાળા કે ઉપાશ્રય નહોતા. શહેરમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના એક પણ ઘરની વસતિ નહોતી. તો પછી આચાર્ય મહારાજ ચોમાસું ક્યા કરશે? એ મોટી દ્વિધા હતી, પણ વિજય રામચન્દ્રસૂરિજીનો રાજગૃહીમાં ચાતુર્માસ કરવાનો નિર્ધાર મક્કમ હતો. ભક્તોને પણ વિશ્વાસ હતો કે જ્યાં "રામ" હશે ત્યાં "અયોધ્યા" ઊભી થઈ જશે. કલકત્તાના ગર્ભશ્રીમંત જીવરાજજી રામપુરીઆનો ભવ્ય બંગલો રાજગૃહી તીર્થમાં હતો. આ બંગલો રામપુરીઆ ભવન તરીકે ઓળખાતો. બાબુ જીવરાજજીએ આચાર્ય મહારાજને પોતાના બંગલામાં વિક્રમ સવંત ૨૦૧૨નું ચાતુર્માસ કરવા વિનંતી કરી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. આચાર્ય મહારાજાનું ચોમાસું રાજગૃહીમાં નક્કી થયું એટલે સુરત, અમદાવાદ, મુંબઈ અને કલકત્તાના અનેક જૈન શ્રેષ્ઠીઓએ નક્કી કર્યું કે તેઓ ચાર મહિના પોતાના પરિવાર સાથે રાજગૃહી આવીને રહેશે અને ચોમાસાની આરાધના કરશે.

મુંબઈના શ્રેષ્ઠીવર્ય **ગોવિંદજી જેવત ખોના**, સુરતના શ્રેષ્ઠી સૂરચંદ હીરાચંદ ઝવેરી અને કલકત્તાના કચ્છી વેપારી ધનજીભાઈ શિવજીભાઈ મુખ્ય હતા. આ રીતે જોતજોતામાં ૩૫ કુટુંબો રાજગૃહીમાં રહેવા માટે તૈયાર થઈ ગયાં. ખરેખર જ્યાં 'રામ' પધાર્યા હતા ત્યાં 'અયોધ્યા' વસી ગઈ. રોમાંચક ચાતુર્માસ શરૂ થયું. આ એ જ ભૂમિ હતી જ્યાં વિનયના સાક્ષાત્ અવતાર ગૌતમસ્વામી પોતાના ગુરૂ ભગવાન મહાવીરદેવને સવાલો પૂછતા અને પરમાત્મા તેના જવાબો આપતા. આ સવાલ જવાબનો સંગ્રહ જે ભગવતી સૂત્રમાં થયો છે, તેની ઉપર જ આચાર્ય મહારાજ પ્રવચનો આપવાનાં શરૂ કર્યા.

શ્રાવકોએ આચાર્ય ભગવંતને વિનંતી કરી, 'અમારે આગમો સાંભળવાં છે.' એટલે બપોરના સમયે આગમોની વાચના શરૂ થઈ. બપોરે ૧ થી ૨ આવશ્યક સૂત્રો ઉપર વાચના ચાલે અને ૨ થી ૪ આગમ સૂત્રોની વાચનાઓનો બોધ શ્રાવકો ઝીલે. આખા દિવસનું ચુસ્ત સમયપત્રક ગોઠવાઈ ગયું હતું. દરરોજ સવારે ચૈત્યપરિપાટી નીકળે. પછી વાચના હોય. વાચના પછી પચ્ચક્ખાણ પારી નવકારશી કરવાની. પછી ૯ વાગ્યે વ્યાખ્યાન. સાડા દસે વ્યાખ્યાન પતે એટલે પાછી વાચના. બપોરે એક કલાક ભોજન માટે મળે. બપોરે ૧ વાગ્યે ફરી વાચના શરૂ થઈ જાય, જે સાંજ સુધી ચાલે. સાંજે પ્રતિક્રમણ પછી પણ ધર્મગોષ્ઠિ ચાલુ રહે. શ્રાવકોને પણ એવો રસ લાગી ગયો કે રાત્રે મોડે સુધી ઉપાશ્રયમાં જ બેસી રહે. પોતાના સ્થાને જવાનું યાદ પણ ન આવે.

એમ કરતાં કરતાં પર્યુષણ આવ્યાં. વિશિષ્ટ આરાધના કરવાના આશયથી પટણા, બિહાર શરીફ વગેરે સ્થળોએથી સેંકડોની સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ આવી પહોંચ્યા. શ્રાવણ વદ ત્રીજથી શ્રી અક્ષયનિધિ તપ શરૂ થયો. તપ કરનારા આરાધકોને દરરોજ જુદા જુદા ગૃહસ્થો તરફથી એકાસણાં કરાવવામાં આવતાં હતાં. પર્યુષણ શરૂ થયાં એટલે અનેક આરાધકોએ ૬૪ પહોરી પૌષધ શરૂ કર્યા. શેઠ ગોવિંદજી જેવત ખોનાએ કલ્પસૂત્ર પોતાના ઘરે પધરાવાનો આદેશ લીધો. શ્રાવણ વદ અમાસથી કલ્પસૂત્રનાં પ્રવચનો શરૂ થયાં.

રાજગૃહી ચાતુર્માસનું સંવત્સરી પર્વ મુંબઈનાં શેઠ ગોવિંદજી જેવત ખોનાના આત્મ સમર્પણને કારણ એ યાદગાર બની રહ્યું. રૂના અસામી વેપારી ગોવિંદજીભાઈએ તે દિવસે સકળ શ્રીસંઘ સમક્ષ ઊભા થઈ પોતે શી રીતે ધર્મ પામ્યા તેની અંગત વાતો રજૂ કરી. પોતાના પરિવાર ઉપર પૂ. આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરિજી મ.સા.નો ઉપકારનો તેમણે જાહેર સ્વીકાર કર્યો. વિશેષ ઉપકાર કરી પોતાને ધર્મને માર્ગે વાળવા આચાર્યદેવને અશ્રુભીની આંખે વિનંતી કરી. નવકારશી, ચઉવિહાર, ઉકાળેલું પાણી વાપરવું વગેરે નિયમો પણ લીધા.

શ્રી ગોવિંદજી જેવત ખોના પરિવાર તરફથી અઠ્ઠાઈ અને તેથી વધુ તપ કરનાર પુણ્યાત્માઓને ચાંદીના થાળી-વાટકો અને એક તોલો કેશરની પ્રભાવના કરવામાં આવી. રાજગૃહીના ચાતુર્માસમાં પર્યુષણ અને દિવાળી વચ્ચે આરાધકોની સંખ્યા એકદમ ઘટી ગઈ હતી. આ બે મહિના તો એવા હતા કે વ્યાખ્યાનમાં માત્ર બેથી ત્રણ શ્રાવકોની જ હાજરી હોય. તો પણ તે શ્રાવકોની જિજ્ઞાસા જોઈને આચાર્ય મહારાજ તત્ત્વની સુંદર છણાવટ પૂર્વક પ્રવચનો આપતા હતા. આચાર્ય મહારાજ હંમેશા કહેતા, "જૈન સાધુ જે પ્રવચન આપે છે તે પોતાના સ્વાધ્યાય માટે આપે છે. તે સાંભળવા બે શ્રાવકો આવે કે બે હજાર આવે, સાધુને શું ફરક પડે છે?" આ રીતે રાજગૃહીનું રોમાંચક ચાતુર્માસ પૂર્ણ થયું. ***('સન્માર્ગ'માંથી સાભાર)***

॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥

# શ્રી વારાપધર કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

ના ઉપક્રમે

## શ્રી વારાપધર જૈન યુવક મંડળ

આયોજીત

## દાતા પરિવાર માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા પરિવાર

**ના આર્થિક સહયોગથી**

# ગામધણી શ્રી વારાપીર ઓલીયાની સમુહ પહેડી

ગામધણી શ્રી વારાપીર ઓલીયાની સમુહ પહેડી પ્રસંગે
આપ સર્વે ગામવાસીઓને તેમજ નિયાણી બહેનોને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.

**રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ ની સમી સાંજે**

શેઠશ્રી નરશીનાથા બેન્કવેટ A/C હોલ,
અનંતસિદ્ધિ, એલ.બી.એસ. માર્ગ,
ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.



**પહેડી જુહારવાનો સમય :** સાંજે ૫.૦૦ કલાકે
**પહેડી પ્રસાદ :** સાંજે ૫.૩૦ થી ૯ કલાકે

## નૂતન પંચતીર્થ વાવાલાપરા પૈકીના વારાપધર નગરે ધ્વજા મહોત્સવ

**મહા સુદ ૧૩ (તેરસ) ને શનિવાર, તા. ૨૩-૨-૨૦૧૩**

શ્રી આદેશ્વર દાદા જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે માદરે વતન આપ સૌને પધારવાનું હાર્દિક નિમંત્રણ...


## સનસીટી ડેવલપર્સ-ભુજ

### સનસીટી-૧

**એકત્રીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 287 | ટાટા નેનો કાર | દિપાલીબેન રમેશકુમાર મોદી - ભુજ | વિશ્રામ મેઘાણી |

કોમ્પ્યુટર સેટ : ૧૫૪૩, હેન્ડીકેમ કેમેરો : ૧૪, ફ્રિઝ ૨૩૦ લિ. ૫૦૧,
આટા મેકર : ૫૮૫, ફ્રિઝ : ૯૪૦, ટીવી ૨૦" : ૧૦૭૩, વોશીંગ મશીન : ૧૪૪૪

**-: આશ્વાસન ઈનામો :-**

(૪ થી ૫ ઓવન) : ૫૨૧, ૧૭૦૫
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર): ૧૭૯૯, ૧૫૫૭, ૧૯૪૧, ૨૫૦, ૧૧૨૧
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર):૧૧૬૫, ૬૦૯, ૧૯૭, ૧૫૨૦, ૧૮૮૩
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૩૨૪, ૧૩૩૮, ૧૩૭૬, ૧૯૧૦, ૧૭૦૪, ૧૧૨૮, ૧૬૬૪, ૮૭૯, ૧૭૮૧, ૮૯૨
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૩૮૭, ૧૦૩૮, ૧૬૫૪, ૭૭૪, ૧૪૧૭, ૨૨૪, ૭૪૬, ૧૨૫૫, ૧૫૦૩, ૧૮૭૬
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૬૮૦, ૧૭૮૪, ૩૦૪, ૧૬૧૯, ૧૭૬૨, ૧૩૯૫, ૧૨૫૪, ૭૬૫, ૮૯૬, ૪૬૮
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૪૨૮, ૧૦૭, ૮૩૫, ૧૧૫૭, ૧૬૭, ૧૯૦, ૧૯૫૮, ૧૦૨૪, ૧૫૪૭, ૩૭૬, ૬૮૯, ૧૦૭૮, ૫૩૩, ૧૫૪, ૭૭૮, ૧૮૦૩, ૧૮૦૪, ૨૨૧, ૮૦૧, ૪૬૭
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૩૧૨, ૫૩૦, ૧૫૪૮, ૧૮૩૧, ૧૬૦૪, ૬૦૨, ૧૦૯૫, ૧૨૯૪, ૯૬૨, ૧૬૧૬, ૧૮૩૩, ૧૮૯૭, ૧૭૫૩, ૫૨૨, ૧૦૭૦

**બત્રીસમી મિટિંગ તા.૧૦-૧-૧૩ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**


॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥ ॥ શ્રી સચ્ચામાતાય નમો નમઃ ॥

## સાંધવગામનાં લાલછતા પીરની સમુહ પહેડી-પ્રસાદ

કચ્છની ધીંગીધરા સાંધવમાં બિરાજતા હાજરાહજુર શ્રી લાલછતા પીરની પહેડી પ્રસાદ પ્રસંગે સાંધવગામવાસીઓ અને નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.

પહેડી પ્રસાદનો લાભ **માતુશ્રી વીરબાઈ રાઘવજી લોડાયા પરિવાર** હસ્તે શ્રી ભવાનજીભાઈ લોડાયા (સાંધવ-મુલુંડ)એ લીધેલ છે.

પહેડી પ્રસાદ; રવિવાર **તા.૧૪-૪-૨૦૧૩**ની સવારે ૧૦.૦૦ કલાકે શ્રી સારસ્વત વાડી, એ.સી. હોલ, ૧લે માળે, ઝવેર રોડ, મુલુંડ (વે.), મુંબઈ-૮૦ મધ્યે રાખેલ છે.

**વધુ વિગત માટે સંપર્ક :**

**09820540949 / 07738141193**

# 'રીસેટલમેન્ટ' રીડેવલપમેન્ટની બીજી બાજુ

*– પ્રવીણચંદ્ર એસ. ધરમશી (સુરત)*

મારો અનંતછાયા 'રીડેવલપમેન્ટ'ને લગતો લેખ જ્ઞાતિ પત્રમાં પ્રસિધ્ધ થયો કેટલાક લોકોને પસંદ પડ્યો તો કેટલાકને ન પણ ગમ્યો. મારા અનંતછાયામાં જ રહેતા મિત્રે પણ મને ફોન કર્યો અને થોડા ભાવુક પણ થઈ ગયા. ભાભીશ્રીએ કહ્યું કે "પ્રવિણભાઈ, છેલ્લા પાંચ વર્ષથી અમે અનંતછાયામાં કેવી રીતે રહીએ છીએ તે કદાચ તમને નહીં સમજાય" અહીં પ્રશ્ન 'રીડેવલપમેન્ટ'નો નથી કારણ કે લગભગ પચાસ વર્ષ જૂના મકાનને સલામતીની દ્રષ્ટિએ 'રીડેવલપમેન્ટ' કરવું જરૂરી છે અને કરવું જ જોઈએ. વિવાદ કઈ રીતે કરવું જોઈએ તેનો છે. આટલી પ્રસ્તાવના પછી છું આ લેખના શીર્ષક એટલે કે 'રીસેટલમેન્ટ' બાબત થોડું કહેવા માગું છું. ભાભીશ્રીએ કહ્યું કે 'અમારી સ્થિતિ તમને નહી સમજાય". પણ હકીકત એ છે કે હું પણ આવી જ પરિસ્થિતિમાંથી પરોક્ષરીતે પસાર થયો છું. એટલે મને વસ્તુસ્થિતિ અને તેની ગંભીરતાની ખબર છે. ગુજરાતીમાં એક કહેવત છે કે લગ્ન નથી કર્યા તો શું થયું, બદુ બધી જાનમાં ગયા છીએ'. લગભગ આવી જ વાત મને લાગુ પડે છે.

'રીડેવલપમેન્ટ' એક મકાન કે ઈમારતનું થાય છે જે અચેતન છે. જડ છે અને નિર્જીવછે. તેને તોડો, ફોડો કે નવું બનાવો તેનાથી તેને કશીજ અસર નથી થતી. અસર થાય છે તે મકાન કે ઈમારતમાં રહેતા પરિવારોને. જે જીવંત છે જેને લાગણી છે જેને સુખ અને દુઃખની અસર થાય છે. જેવી રીતે સિક્કાની બે બાજુઓ હોય છે, કે જેને ડોક્ટરો 'સિયામિઝ ટવીન' કહે છે જેમાં બાળકોના ધડ અને કોઈક વાર તો માથા પણ જોડાયેલા હોય છે તેવા જોડિયા બાળકની જેમ રિડેવલપમેન્ટની સાથે રીસેટલમેન્ટ જોડાયેલ છે રીડેવલપમેન્ટ કદાચ ભૌતિક પ્રક્રિયા છે પણ 'રીસેટલમેન્ટ' એવી પ્રક્રિયા છે જેમાં શારિરિક અને માનસકિ શક્તિઓની પરિક્ષા લેવાય છે. જો 'રીડેવલપમેન્ટ' કદાચ 'ગેઈન' છે તો 'રીસેટલમેન્ટ' 'પેઈન' છે. અહીં 'રીડેવલપમેન્ટ'ની સાથે 'સિયામઝ ટવીન' તરિકે જોડાયેલી રીસેટલમેન્ટની તકલીફો રજૂ કરવાનો પ્રયાસ કરું છે જે આ પ્રક્રિયા સાથે જોડાયેલ માનવિય અભિગમ સાથે સંકડાયેલીછે.

મારા મોટાબેન જે લગભગ ૨ વર્ષ પહેલાં સ્વર્ગવાસી થયા તે મુલુન્ડમાં એક 'લો રાઈઝ' મકાનમાં રહેતા હતા. હાલમાં આ મકાન પચાસ વર્ષ કરતાં પણ કદાચ વધારે જૂનું છે. બેન ૬૮ વર્ષની ઉંમરે અરિહંત શરણ થયા. છેલ્લા દસ વર્ષથી તે મકાનને રીડેવલપમેન્ટ કરવાની વાત ચાલે છે. મારા બેન લગભગ ૫૮ વર્ષની ઉંમરે વિધવા થયા. સંતાનોમાં માત્ર બે દિસરીઓ જે પરણી ગઈ છે. તેથી તેમની જીંદગીના છેલ્લા દસ વર્ષોમાં લગભગ દર વર્ષ આ મકાન પાછળ તેમને સારો એવો ખર્ચ અને પરિશ્રમ કરવો પડતો હતો. અમે ભાઈઓ, થાય તેટલી મદદ કરતા પણ અલગ અલગ જગ્યાએ રહેતા હોવાથી અમારી મર્યાદાઓ છે. એટલે બેને એકલા હાથે સંઘર્ષ કર્યો. પણ તેમની તકલીફ, પરેશાની કે દુઃખ અમે પણ વેઠ્યું છે કેમ કે અમારા બધા ભાઈ બેનોએ તેમને મોટી બહેન નહીં પણ મા તરિકે સ્થાન અને માન આપેલ છે. આ સ્થિતિ જ્યારે મકાન જરજરિત થાય અને રીડેવલપમેન્ટ માટેની માત્ર વાતો જ ચાલતી હોય ત્યારની છે. કદાચ એને 'પ્રીલીમીનરી' પરિક્ષા કહી શકાય. મુખ્ય પરિક્ષા તો 'રિડેવલપમેન્ટ'ના સમયની છે.

જાન્યુઆરી ૨૦૧૦માં મારી દીકરી અને જમાઈના મકાનને 'રીડેવલપમેન્ટ'માં લઈ જવાનું તેમની સોસાયટીએ નક્કી કર્યું અને એપ્રીલ ૨૦૧૦ સુધીમાં નવા બીલ્ડર કે રીબીલ્ડરને મકાન ખાલી કરીને કબજો સોંપવાનું બધાને ફરમાન કરવામાં આપ્યું. દિકરી અને જમાઈએ વડિલોની સલાહ લીધી કે હવે શું કરવું કારણ કે બિલ્ડર નક્કી કરેલ ઉચ્ચક રકમ અને દર મહિને નક્કી કરેલ ભાડું જ ચુકવે. વડિલોએ સલાહ આપી કે ૧૨ માળનું એપાર્ટમેન્ટ બનાવતાં


**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ**
**અને**
**શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર દ્વારા**



**મેડીકલ કેમ્પ**

(કેમ્પમાં ખાસ રાજકોટથી ડૉ. રાજેશ ઠક્કર સેવા આપવા પધારશે.)

**હાડકાના દર્દીઓ માટે**

**ઘુંટણનો દુખાવો, સાઈટીકા, કમર,**
**ખભાનો દુખાવો, પગના તળીયા પેનીનો દુખાવો.**

**શુક્રવાર, તા. ૨૮/૧૨/૨૦૧૨**
**સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ક.**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : અજય શાહ – ૯૮૯૨૩૭૨૭૭૭
સ્થળ : અનંતછાયા જૈન ઉપાશ્રય, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ).

ખાસ નોંધ : કેમ્પનો લાભ લેવા રજીસ્ટ્રેશન ફોન પર કરાવવું જરૂરી છે.
કેમ્પમાં પહોંચ્યા પછી રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ભરવાના રહેશે.

કિડની ડાયાલીસીસના દર્દીઓ માટે તા. ૨૯ અને ૩૦ ડીસેમ્બરના રોજ
શ્રી ચેમ્બૂર જૈન મેડીકલ રિલીફ સેન્ટર ખાતે રાબેતા મુજબ રહેશે.

**સર્વે જ્ઞાતિજનોને કેમ્પનો લાભ લેવા અનુરોધ.**

સહેજે ૨-૩ વર્ષ લાગી જાય તે ઉપરાંત બીજા ૫-૬ મહિના મકાન કે ફ્લેટનો કબજો મળ્યા પછી તેમાં નવા ફ્લેટની રૂમની 'સાઈઝ' વગેરે પ્રમાણે ફર્નીચર વગેરે બનાવવા માટે લાગે માટે આવતા પાંચ વર્ષનું આયોજન કરીને ચાલો. થોડી હિંમત કરો બંને જણા નોકરી કરો છો તો લોન લઈને પણ નાનું પોતાનો ફ્લેટ લઈ લો તેજ સૌથી સારો રસ્તો છે. દીકરી અને જમાઈએ આ વાત માની.. ત્યાર પછી શરૂ થાય છે સંઘર્ષ. તેમણે તેમના બજેટને અનુરૂપ ફ્લેટ જોવાનું ચાલુ કર્યું. જાન્યુઆરીથી માર્ચ આ ત્રણ મહિના લગભગ રોજ ફ્લેટ જોવા જવાનું, દલાલો સાથે મિટિંગો કરવાની, ફ્લેટ પસંદ કર્યા પછી વડિલોને બતાવવાનું બિમાર અને વૃધ્ધ મા-બાપ અને નાના બાળક સાથે આ કેટલું કપરૂં કામ છે. તેનું શબ્દોથી વર્ણન ન થઈ શકે.

આખરે ગરોડિયા નગરમાં તેમના બજેટ અને અનુકુળતા પ્રમાણેનો ફ્લેટ પસંદ કર્યો. હવે ચક્કર ચાલુ થયા બેંકોના, જ્યાંથી લોન લેવાની હતી અને વકિલોના લગભગ એક મહિનાના સતત સંઘર્ષ પછી એટલે કે પુરો એપ્રીલ મહિનો આની પાછળ કાઢયો.. બંને જણા કોલેજમાં લેક્ચરર છે તેથી એપ્રીલમાં પરિક્ષા હોવાથી થાકીને લોથપોથ થઈ જવાય તેવો પરિશ્રમ મહામહેનતે એપ્રીલ ૨૦૧૦માં ફ્લેટ તેમના નામ પર થયો તેનો દસ્તાવેજ થયો.

હવે મે મહિનાની ગરમીમાં નવા મકાનમાં શીફ્ટ થવાની એટલીજ ત્રાસદાયક પ્રક્રિયા જે 'મુવર્સ અને પેકર્સ'ની મદદથી થોડી હળવી થઈ, પછી બાળકનું નજીકની સ્કુલમાં એડમીશન સોસાયટીમાં શેર ટ્રાન્સફર કરવાના, લાઈટ બીલ, બી.એમ.સી.માં નવા માલિકનું નામ દાખલ કરવાનું, બધા સગા સંબંધીઓને પોતાના નવા સરનામાની જાણ કરવી જેમાં આપણા જ્ઞાતિના પત્રો થોડા મદદગાર થયા, પણ મિત્રો, એલ.આઈ.સી. અને પ્રોફેશનલ જર્નલ્સ વગેરેને નવા સરનામાની જાણ કરવી. નવી જગ્યાએ જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે, ધોબી, પ્લંબર, ઈલેક્ટ્રીશીયન અને ડોક્ટર વગેરેની જરૂરીયાતની સેવાઓ શોધવી આવા નગણ્ય પણ જરૂરી કામો તો ખરાજ. આમ લગભગ છ મહિના સુધી 'આરામ હરામ હૈ' ના સૂત્રને જીવનમાં ઉતારીને અમલ કરવું પડયું હમણાં નવા ફ્લેટમાં 'શીફ્ટ' થયાને અઢી વર્ષ થયા પણ તેમનું તિલકનગરનું મકાન હજી છે તે જ સ્થિતિમાં છે!! દીકરી અને જમાઈએ વડિલોની સલાહ લીધી અને અમલ કર્યો.. પણ જો માત્ર ભાડાના મકાનમાં રહ્યા હોત તો અગ્યાર મહિનાના કરાર પછી કેટલીવાર મકાન બદલવું પડત? રીડેવલપમેન્ટનું સૌથી ખરાબ પાસું છે અનિશ્ચિતતા એટલે કે 'રીડેવલપમેન્ટ'માં ગયા પછી ફરી જૂનું મકાન કે ફ્લેટ ક્યારે પાછું મળશે. દીકરી અને જમાઈ ભાગદોડ કરીને અને વડીલો તથા મિત્રોના સાથ સહકારથી આ પરિસ્થિતિમાંથી પસાર થઈ ગયા.

જે ઘરમાં ભાગદોડ કરી શકે તેવા પરિવારજનો ન હોય. બિમાર, વૃધ્ધ અને અશક્ત સભ્યો હોય કે માત્ર મહિલાઓ હોય અને નાના બાળકો હોય કે ઘરમાં લગ્ન કે મરણ જેવા સાંસારિક પ્રસંગો હોય ત્યારે જ જો ફ્લેટ ખાલી કરવાનો હોય અને નવું રહેઠાણ શોધવાનું હોય તે મુંબઈ નહીં પણ અન્ય જગ્યાએ પણ એટલું જ કઠિન કામ છે. એટલું જ નહીં પણ 'રીડેવલપમેન્ટ' થયા બાદ પાછા એજ જગ્યાએ આવ્યા પછી પણ ઉપર જણાવ્યા પ્રમાણેની મોટાભાગની પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે.

'રીડેવલપમેન્ટ' આમ તો આર્થિક પ્રગતિની નિશાની છે પણ તેની પાછળ પરિવારજનોનો પરસેવો, પરિશ્રમ, પૈસા અને પજવણી (સંબંધિત અધિકારીઓની) કદાચ આ પ્રગતિના આનંદને ભોગવવા કે માણવા યોગ્ય નથી રહેવા દેતા તેથી 'રીડેવલપમેન્ટ' એક શાંત સરોવરમાં પથ્થર ફેંકવાથી જે વમળો સર્જાય છે કે જેને અંગ્રેજીમાં કહું તો 'ચેઈન રીએક્શન'ની પ્રક્રિયા છે જે થોડા સમય માટે (કેટલીક વાર આ સમય લાંબો પણ બની શકે છે) રોજીંદા સ્થિર અને શાંત જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે છે.


## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૨**

**ઓગણીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1029 | TVS વીક્ટર | પ્રશાંત જયંતીલાલ કવા | |

કોમ્પ્યુટર સેટ: ૧૩૭, હેન્ડીકેમ કેમેરો: ૯૮૬, ફ્રિઝ ૨૩૦ લિ.: ૨૨૦૪, આટા મેકર: ૧૪૯૭

**-: આશ્વાસન ઈનામો :-**

(ફ્રીઝ): ૨૪૧, (ટીવી) : ૧૨૯૧, (વોશીંગ મશીન) : ૧૦૮૬
(૪ થી ૫ ઓવન) : ૧૬૦૬, ૧૩૮૯
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૬૧૩, ૧૩૧૩, ૫૨૬, ૧૮૦૧, ૨૧૬૪
(૧૧થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર):૨૧૦૧, ૨૧૧૭, ૧૪૧૪, ૫૧૦, ૯૪૫
(૧૬ થી ૨૫ સેન્ક્વીચ મેકર) : ૧૬૭૧, ૧૮૯૨, ૭૦, ૫૬, ૧૭૫૫, ૧૧૩૨, ૧૨૩, ૩૭૦, ૪૯૮, ૧૫૯૩
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૨૧૧૮, ૧૯૦૫, ૧૩૮૭, ૧૭૩૯, ૧૭૭૯, ૨૪૪, ૮૦૫, ૧૭૬૧, ૧૦૫૧, ૨૨૪૦
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૧૮૦, ૨૦૨૫ ૧૭૫૧, ૧૨૨૮, ૭૭૬, ૨૧૭૭, ૧૫૩૩, ૩૬૧, ૯૪૦, ૧૭૯૨
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૨૧૪૫, ૧૬૫૪, ૧૪૦૨, ૩૦૫, ૩૦૮, ૩૩૫, ૧૯૯૩, ૪૯૫, ૩૨૦, ૧૯૭૮, ૧૦૯૮, ૧૦૩૯, ૧૮૮૫, ૮, ૧૬૯૪, ૧૪૦, ૨૭૮, ૧૪૦૦, ૬૧૯, ૧૩૭૪
(૬૬થી૮૦ હેન્ડ બ્લેન્ડર):૧૩૬૪, ૧૮૭૦, ૧૪, ૮૯૩, ૯૮૪, ૭૯૬, ૧૫૭૪, ૯૧૭, ૧૯૮૯, ૧૮૯૪, ૧૯૬૪, ૧૬૮૭, ૮૫૬, ૧૪૬૧, ૧૮૭૨

**આગામી મિટિંગ તા.૫-૧-૧૩ના સાંજે ૪ કલાકે રાખેલ છે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 9909647953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી... (૧૬)

*- સોમ ઘરમશી (કચ્છ)*

***સંસાર ઈંજ હલે પેઓ, કેંતે રખને રોસ?***
***પરજી પીડા છડ 'તેજ', તોજા ન્યાર ડોસ!***

**ભાવાર્થ** : કચ્છમાં સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ તરફથી સદ્‌વિચાર પુસ્તકોનું વેંચાણ ૩૦% થી ૫૦% ના રાહત દરે થાય છે. આવા એક પુસ્તકમેળામાં અન્ય પુસ્તકો સાથે "The little book of stress relief by David Posen, MD" નજરે ચડી. જેમાં માનસિક તણાવ, તે ઉત્પન થવાનાં કારણો અને તેમાં નિવારણનાં સીધા, સાદા સરળ ઉપાયોનું વિવરણ અપાયેલ છે. જે આજમાં ધમાલીયા જીવનને સુખી, શાંત અને આનંદિત બનાવે છે.

આજે માનવી તણાવનો શિકાર બન્યો છે. હાથે કરી પરપીડાનો બોજો માથા ઉપર ઉપાડી. એક તો એકલવાયાપણું અને સતત બીજામાં દોષો જોવાની નકારાત્મક પ્રવૃતિ તેમજ લેવા-દેવા વગર બીજાની પીડા વહોરી લેવાના કારણે પોતે દુઃખી દુઃખી થાય છે. આ પુસ્તકનું વાંચન-મનન કરતાં કવિશ્રી 'તેજ'ની આ બે પંક્તિઓ નજર સામે તરવરવા લાગી.

માનવી સંવેદનશીલ પ્રાણી છે તેથી આ સંસારમાં મોહ-માયા, ઈર્ષ્યા, ક્રોધ ઇત્યાદીનાં કારણે સંબંધોમાં ભરતી-ઓટ આવ્યા છે.

આપણે કેટલા પરગજુ થવું જોઈએ તેનું માપદંડ નક્કી કરવા કવિ કહે છે, બીજાની પંચાતમાં પોતાનું જીવન બરબાદ ન થઈ જાય તેની તકેદારી રાખવી. અને તેથી જ 'પર'માંથી ખસ અને 'સ્વ' માં વસનું સૂત્ર અપનાવવા જણાવે છે.

આપણે કોઈનાં દોષો તરફ અંગુલીનિર્દેશ કરીએ ત્યારે ત્રણ આંગળી આપણાં તરફ ચિંધાય છે. તેથી કવિશ્રી આપણામાં રહેલાં દોષોની આત્મખોજ કરવા કહે છે. દુનિયાને બદલવા કરતાં પોતે બદલાઈ જાવ તો દુનિયા પોતાની રીતે બદલાઈ જશે અને સંસાર કંસાર જેવો મીઠો મધુરો બની જશે.

છેલ્લે, સંત કવિશ્રી તુલસીદાસજીનો એક દોહો યાદ કરીએ.

***તુલસી ઇસ સંસારમેં ભાત ભાત કે લોગ,***
***સબસે હિલમિલ ચાલીએ, જૈસે નદી-નાવ સંજોગ***

## "પ્રકાશ-સમીક્ષા" સાપ્તાહિકના જાહેરખબર દરમાં વધારો અને અગોતરી ચુકવણી કરવા અપીલ

*સતત વધતા જતાં પેપરના દરો, પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ મજુરીના દરના કારણે પ્ર.સ.ની સમિતિને સપ્તાહના ₹૬૦૦૦૦/- (રૂપિયા સાઈઠ હજાર પુરા) ના ખર્ચ બજેટને પહોંચી વળવા જા.ખ. દરમાં વધારો કરવાનો નિર્ણય લેવો પડયો છે. એ નિર્ણય મુજબ તા.૧-૧-૧૩થી નવા દર નીચે મુજબ રહેશે.*

| | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160x225 cm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160x111 cm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77x111 cm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનું | 77x54 cm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77x27 cm | - | ૩૫૦ |

*આ ઉપરાંત જાહેરખબર દાતાઓના પેમેન્ટ સમયસર આવતા નથી. એમાં પણ જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, એકમો અને વ્યક્તિગત આપેલી જાહેરાતના પેમેન્ટ મોકલવામાં ૬થી ૮ મહીનાના અને કોઈક કિસ્સામાં દોઢેક વરસ સુધી વિલંબ કરતા આવે છે. જે સમગ્ર રકમ દોઢથી બે લાખ જેટલી થવા પામે છે. અને એથી પ્રકાશ-સમીક્ષા સમિતિના સભ્યોએ બેંકમાં રોકડા જમા કરાવવા પડે છે. જેમાંથી કાગળના અને પ્રિન્ટિંગના બીલો ચુકવાય છે. જે ઉઘરાણી બાકી છે તેની યાદી પ્રમાણે વર્ષ ૨૦૧૦ સુધી ₹૩૬,૦૦૦/- વર્ષ ૨૦૧૧ના ₹૩૫,૦૦૦/-, વર્ષ ૨૦૧૨ના ૩૧ માર્ચ સુધી ₹૨૧,૦૦૦/- અને ૨૦૧૨ ૧ એપ્રિલથી અત્યારસુધી ₹૮૭,૫૦૦/- મળી કુલ્લે ₹૧,૭૯,૫૦૦ થાય છે. આ અનુભવથી જાહેરખબરની આગોતરી ચૂકવણી ફરિજીયાત બનાવાની ફરજ પડી છે તેની નોંધ લેવા વિનંતિ.*

*ચેક/ડ્રાફ્ટ 'CDO Prakash Samiksha'ના નામે લખવા. એટપાર બેંક પેમેન્ટ મોકલવા.*

*આપની રીતે તૈયાર કરી મોકલાવાની જા.ખ. યોગ્ય ફોરમેટમાં સીડી/ઈન્ટરનેટથી મોકલી શકાય છે.*

*અમને સમયસર મળેલ જા.ખ./વિગત માહિતી સ્થળ-સમય અનુકુળતાએ ક્રમશઃ પ્રકાશિત થશે.*

*- "પ્રકાશ-સમીક્ષા" સમિતિ*

## 'પ્રકાશ-સમીક્ષા' કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ – *પ્રવિણચંદ્ર એસ. ઘરમશી (સુરત)*

'પ્રકાશ સમીક્ષા' જ્ઞાતિનું મુખપત્ર છે. તેથી મારા નિરિક્ષણ પ્રમાણે તેમાં આવતા લેખો ને તંત્રી મંડળ કે સમિતિ આ ક્રમમાં અગ્રિમતા આપે છે : સમગ્ર જ્ઞાતિને લગતા સમાચાર, જ્ઞાતિની સંસ્થાઓના સમાચાર, ધાર્મિક સમાચાર, સામાજીક સમાચાર (જીવન ચક્ર) અને અન્ય માહિતીસભર અને ઉપયોગી લેખો. 'પ્રકાશ સમીક્ષા' ગુજરાતી સાપ્તાહિક તરિકે રજીસ્ટર્ડ થયેલ છે તેથી અંગ્રેજી ભાષાના લેખોને સમાવવાની એની મર્યાદા છે છતાં પણ જ્ઞાતિની યુવા પેઢીને લક્ષમાં રાખીને કેટલાક જ્ઞાતિ ઉપયોગી લેખો અંગ્રેજીમાં પણ પ્રકાશિત કરે છે. પ્રકાશ સમીક્ષામાં પ્રસારિત થયેલા લેખોના આધારે મને પ્રકાશ સમીક્ષાની કેટલીક પ્રશંસાપાત્ર વિશેષતાઓ મારા ધ્યાનમાં આવેલ છે જેને અહીં ઉજાગર કરવાનો પ્રયાસ કરેલ છે.

૧. પ્રકાશ સમીક્ષાની હાલની સમિતિમાં ૧૫ સભ્યો છે. પણ પ્રકાશ સમીક્ષામાં પ્રસારિત થતા લેખોના લેખક મદદઅંશે આ સમિતિના સભ્યો કે તેમના કુટુંબીજનો કે લાગતા વળગતા નથી હોતા. માત્ર લેખની ગુણવતા અને ઉપયોગિતાના આધાર પર જ લેખોને તેમાં સ્થાન આપવામાં આવે છે.

મારું એક સામાન્ય નિરિક્ષણ છે કે કોઈ પણ સંસ્થા કે સંસ્થા દ્વારા પ્રકાશિત થતા પ્રકાશનમાં તે સંસ્થાના હર્તાકર્તા અને તેમના પરિવારજનો કે લાગતા વળગતાને વિશેષ સ્થાન આપવામાં આવે છે, પછી તે સંસ્થા દ્વારા યોજવામાં આવેલ કાર્યક્રમ હોય કે સંસ્થાનું પ્રકાશન હોય, પ્રકાશ સમીક્ષાની સમગ્ર સમિતિનો આ અભિગમ ન માત્ર પ્રશંસાપાત્ર પણ સ્તુત્ય છે, આશા રાખું છું કે આપણી અન્ય સંસ્થાઓ પણ આવો જ અભિગમ રાખે અને અપનાવે.

૨. મોટા ભાગે દરેક પ્રકાશનનું પોતાનો એક અનામત વિભાગ અને તે માટે અનામત પૃષ્ઠ હોય છે જે તંત્રીલેખ તરિકે પ્રકાશિત થાય છે. દાખલા તરિકે પ્ર.સ.ના પાના નંબર ૩ અને ૪. જ્યાં માત્ર તંત્રીલેખને સ્થાન આપવાની એક સર્વસામાન્ય પ્રથા છે. પણ પ્ર.સ.માં આ સ્થાન પર જ્ઞાતિના અન્ય લેખકોના પણ જ્ઞાતિને લગતા લેખો પ્રગટ થાય છે. જ્ઞાતિને લગતા કોઈ પણ લેખને આ સ્થાને પ્રકાશિત કરીને પ્રકાશ સમીક્ષા આ એ લેખની ગરિમા અને ગૌરવ વધારે છે અને એ લેખકનું આ રીતે બહુમાન કરવાની નવતર અને અનોખી રીત બદલ પ્રકાશ સમિતિ અભિનંદનની હકદાર છે. મેં અન્ય કોઈ સમાચાર પત્ર કે પ્રકાશનમાં આવી સ્તુતિય પહેલ નથી જોઈ.

૩. ક્યારેક પ્ર.સ.ના આ તંત્રી વિભાગ કે તંત્રી લેખમાં તંત્રીશ્રીના જ્ઞાતિને લગતા મહત્ત્વના વિષય કે પ્રશ્ન પર અગ્રલેખ હોય છે જે ખુબ જ ગંભીર, પરિપક્વ અને સૌજન્યપૂર્ણ હોય છે. આવા લેખ સંક્ષિપ્તમાં હોવાં છતાં લેખના વિષયને પૂર્ણપણે ન્યાય આપે છે જે તંત્રીશ્રીના વિષય પરના અભ્યાસ, મનન અને મંથનનું નિષ્કર્ષ હોય છે. આવા લેખો માત્ર વાંચવા માટે નહીં પણ વિચારવા માટે કે અમલમાં મૂકવા માટેના સૂચનોથી સભર હોય છે. જે જ્ઞાતિને માર્ગદર્શન આપે છે.

૪. પ્ર.સ.એ જ્ઞાતિના ઘણા અનામી અથવા ઓછા જાણીતા જ્ઞાતીજનોને તેમની સિધ્ધિઓ, હુન્નર આવડત, કલા કે સત્કાર્યોની નોંધ લઈને પ્રકાશ સમીક્ષામાં તેમનો પરિચય પ્રગટ કરીને એમને પ્રકાશમાં લાવેલ છે અને આ રીતે તેમની પીઠ થાબડીને તેમને બિરદાવેલ છે.

૫. પ્ર.સ.માં કોઈવાર આપણા કોઈ જ્ઞાતિજનની વ્યક્તિગત સિધ્ધિ બદલ તેને અભિનંદન આપતી તેની તસવીર સાથેની ૫-૬ જાહેરાતો અલગ અલગ વ્યક્તિ કે સંસ્થા તરફથી હોય છે. જે પ્રકાશિત કરવા પ્રકાશ સમીક્ષાને થોડું વળતર પણ મળે છે છતાં પણ પ્રકાશ સમીક્ષાએ આવી અભિનંદનના અતિરેકતથી દૂર રહેવા પણ અપીલ કરેલ છે. તે ઉપરાંત સ્થાનિક મહાજનને સાથ સહકાર આપવા સૌ જ્ઞાતિજનોને વારંવાર અપીલ કરે છે. જે પણ જ્ઞાતિના હિતને લક્ષ્યમાં રાખીને કરવામાં આવે છે.

૬. મારા 'ટેકનીકલ' અને 'પ્રોફેશનલ' લેખો 'ઇલેક્ટ્રીકલ ઇન્ડીયા' અને 'લાઈટીંગ ઇન્ડીયા' નામના પ્રકાશનોમાં અવારનવાર પ્રકાશીત થાય છે. જયારે પણ મારો લેખ આ પ્રકાશનમાં પ્રકાશીત થાય ત્યારે તે પ્રકાશક મને તે અંકની બે નકલ 'કોમ્પ્લીમેન્ટરી કોપી' ખાસ કુરીયર મારફતે નિશુલ્ક મોકલે છે. લગભગ આજ રીતે જ્યારે પણ પ્રકાશ સમીક્ષામાં મારા લેખ પ્રસિધ્ધ થાય ત્યારે મારા ભરેલ લવાજમની નકલ ટપાલ મારફતે મળે પણ પ્ર.સ.નાં તંત્રીશ્રી એક નકલ કુરીયર મારફતે પણ મને મોકલે છે.

૭. પ્રકાશ સમીક્ષાનો એક નિયમિત વિભાગ 'ચર્ચાને ચોતરે' છે. જેમાં જ્ઞાતિનો કોઈ પણ જ્ઞાતિજન જ્ઞાતિને લગતા કે પ્ર.સ.ને લગતા વિચાર નિડર રીતે રજૂ કરી શકે છે. જ્ઞાતિહિતમાં પોતાના વિચારોને રજૂ કરવા માટે આ સુંદર અને અસરકારક વિભાગ છે. પ્ર.સ.માં આ વિભાગનો ઉપયોગ કરવા માટે હરહંમેશ સમસ્ત જ્ઞાતિજનોને અપીલ કરવામાં આવે છે. આ રીતે સર્વને સાથે રાખીને ચાલવાનો 'પ્ર.સ.'નો સરાહનીય પ્રયાસ છે.

૮. પ્ર.સ.માં આવતા જ્ઞાતિના ધાર્મિક, સામાજીક અને સંસ્થાકિય સમાચાર ઉપરાંત જે લેખ કે નાની વાર્તા કે પ્રસંગો રજૂ કરવામાં આવે છે તેનું ધોરણ ખુબજ ઉચ્ચ સ્તરનું હોય છે. જે વાંચવાનું હું ક્યારે પણ ચુકતો નથી. તે ઉપરાંત જ્ઞાતિ ઈતિહાસ, આપણા પ્રતાપી પૂર્વજોના સુકાર્યો કે કચ્છના ગામોનો ઈતિહાસ પણ કચ્છ અને જ્ઞાતિ સાથે માત્ર સંપર્ક નહીં પણ સંલગ્ન થવા માટે પ્રેરણાદાયી અને ઉપયોગી છે. આવા અનેક મહત્વના મુદા હશે. આપના સુચન મંતવ્યો આવકાર્ય છે. 'પ્રકાશ સમીક્ષા' સમસ્ત જ્ઞાતિજનોના જીવનમાં પ્રકાશ પાથરતું રહે તેવી શુભેચ્છા.

*(મો. 09978903247)*

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।　　　।। શ્રી સચ્ચામાતાય નમો નમઃ ।।

## સાંધવના શ્રી વાછરાદાદાની સમુહ પહેડી

જેમના સ્મરણ માત્રથી અંતરમાં શ્રધ્ધા અને ચેતનાનો સરવાળો થાય, દુઃખો અને નિરાશાની બાદબાકી થાય, પરસ્પર મિલન અને હૈયામાં હેતનો ગુણાકાર થાય અને આવનારા સર્વે વિઘ્નોનો ભાગાકાર થાય એવા આપણાં શ્રી સાંધવ ગામના બિરાજમાન વાછરાદાદાની ૨૦મી પહેડી શનિવાર **તા.૧૩-૪-૨૦૧૩**ના સાંજના ૪.૦૦ કલાકે ઝવેરબેન પોપટલાલ સભાગૃહ (ધનજી દેવશી રાષ્ટ્રીયશાળા) ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઇ)માં આયોજન કરેલ છે.

આ પહેડીનો મહામુલો લાભ **શ્રી હિરાચંદ અરજણ પટેલ પરિવાર** (બાંઢીયા-ઐરોલી) એ લીધેલ છે. આ શુભ અવસરે દાદાના ભાવિકો, નિયાણી બહેનો અને સાંધવ ગામવાસીઓને દાદાની ભક્તિ કરવા અને પ્રસાદનો લાભ લેવા પધારવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે.

**નિમંત્રક : શ્રી શાંતિજિન જૈન જાગૃતી ગૃપ-મુંબઈ**
**વિપુલ પટેલ-09892199197 કિરણ દંડ-09833808244**

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## સાંધવમાં ધ્વજા મહોત્સવે આમંત્રણ

સાંધવમાં શ્રી શાંતિનાથ દાદાની અસીમ કૃપાએ આપણા જિનાલયનો ધ્વજા મહોત્સવ **તા.૨૩-૨-૨૦૧૩**ને મહા સુદ તેરસને શનિવારના દિવસે નિર્ધારીત છે. શ્રી જિનાલય વર્ષગાંઠ નિમિત્તે સર્વે ગામવાસીઓને માદરે વતન પધારવા ભાવભર્યું આમંત્રણ.

**-: નિમંત્રક :-**
**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ**
**શ્રી શામજી નરશી દંડ**

શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ૮મું વસતીપત્રક

પાંચે એકમ/મુંબઈ મહાજનશ્રીને તેમના વિસ્તારમાં બાકી રહેતા ફોર્મની વિગત આપવામાં આવેલ.તેમજ સબંધિત જ્ઞાતિજનોને ફોર્મમાં ભરાયેલ અધૂરી વિગતોની માહિતિ આપવામાં આવેલ. તેમજ નામ બદલી/છુટાછેડા/ફોટા વગેરે બાબત સંબંધિત કાગળો મોકલવાની વિગતો જણાવવામાં આવેલ.અમને આ વિગતો પંદર દિવસમાં નહી મળે તો ૭માં વ.પ. ની વિગત મુજબ આગળ વધવામાં આવશે. જે માટેની જવાબદારી તેમની જ રહેશે.અતઃ સૌ ને વિનંતી કે ફોટા/વિગતો બાબતનાં કાગળ તુરંત મોકલવાની વ્યવસ્થા કરે.આપની આજની વિગતો છપાય એવો અમારો અભિગમ છે પરંતુ તેના અભાવે અમારે આગળ વધવું જ પડશે. ઇ-મેઇલથી વિગતો મોકલશો તો જડપી કાર્ય થશે.

વિવિધ ગામોના સર્વે પ્રતિનિધિઓને વિનંતી કે આપની પાસે જમા થયેલ ફોર્મ/વિવિધ માહિતીઅંગે મળેલ પ્રૂફના કાગળો/ફોટાઓ તુરંત વ.પ.સમિતિના કાર્યાલયે મોકલવા વિનંતી છે.નક્કી કરેલ સમય મર્યાદામાં કામ પૂરું કરવામાં વિલંબ થઇ રહ્યો છે.આપે આપેલ સહકાર બદલ આભાર ,પરંતુ બાકીનું આ કાર્ય કરી આપણા વ.પ.ને સમયસર બહાર પાડવા મદદ કરશોજી.

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ**

કાર્યાલયઃ C/o શ્રી રાયચંદ હંસરાજ ધરમશી,પદમ ભુવન,પહેલે માળે,ગૌરવ હોટેલની બાજુમાં,જવાહરલાલ નેહરુ રોડ,મુલુંડ(વે),મુંબઈ-૪૦૦૦૮૦,ફોન.નં.:09920855259/09619343793 ,E-Mail:kdovasti@gmail.com

## Is an ordinary Gnatijan becoming apathetic to K.D.O. Gnati? - Pravinchandra S. Dharamshi (Surat)

What can be the answer to this question? Each K.D.O. Gnatijan may ponder over this question and find his/her own answer. My honest and dispassionate answer is YES. My answer is based on some established facts and figures published in our Gnati's exclusive mouth piece like Prakash Samiksha which are listed as under.

1: In the year 2010, in elections of Mumbai K.D.O. Mahajan as well Shree Anantnath Trust, only 48% of the eligible electorate cast their votes. This may alternatively be construed as, 52% of the electorates did not cast their votes. I believe that for these elections only the Gnatijan residing in and around Mumbai constituted the electorates. Mumbai is the hub of most of the Gnati related activities. If the situation there is such, what can one expect from K.D.O. Gnatijans who are residing in what we call "Deshavar". A proverb "out of sight is out of mind" may aptly describe the attitude of other Gnatijans residing in "Deshavar".

2: About two years back, there was an election in our own K.D.O. Gnati's Arihant Bank, in which only 12% off the electorates cast their votes!

3: About a month back, there was an appeal by our Vasti Patrak Samiti in Prakash Samiksha requesting our Gnatijans to submit the duly filled in forms to complete this mammoth and very important task of publishing our Gnati's Eighth Vasti Patrak. In this appeal it was mentioned that so far about 50% Gnatijans have not submitted their forms! Is this not a sad state of affair? Since last more than a year, the work of compilation of basic data for Gnati's Eighth Vasti Patrak is in progress. But the response of our Gnatijans is far from satisfactory.

4: In Prakash Samiksha's issue dated 3-9 November 2012, Shri Som Dharamshi has published some statistical figures regarding the readership of Gnati's mouth piece Prakash Samiksha. As per these figures about 60% of Gnatijans do not read Prakash Samiksha, 20% Gnatijans just go through it casually and only 20% read it properly! We all get this weekly almost free and in spite of this fact, our majority Gnatijans do not bother to read this. This is more pathetic than shocking.

These four points are illustrative only. Most of the Gnatijans have kept silence about the way our Gnati's assets like Anantchhaya, Vidhyarthi Gruh and Mahajanwadi are being administered. Such attitude of Gnatijans is harmful to our small Gnati as a whole. The active social workers (Or more appropriately the trustees) feel free to do anything they like. Such situation leads to anarchy and loss of our Gnati's valuable assets. In the olden days when the Kings or Sultans used to rule, there was a proverb "Yatha raja tatha praja". Which means as is king so is his subject. But in democracy, the appropriate proverb is "Yatha praja tatha raja". Are we justifying the deeds of our leaders by our silence?

Prakash Samiksha's editorial board has repeatedly urged our K.D.O. Gnatijans to put forth their views without any fear in its "Charcha ne chotare" section, for the overall good and welfare of Gnati as a whole. But only a few Gnatijans use this powerful and effective forum to present their views. It is always proudly mentioned that literacy rate in our Gnati is almost 92%, which is quite high. But it is regretted that a very handful of Gnatijans use this very powerful tool to make their views public, forget about the raising the voice of dissent. Can we conclude that this apathy of not majority but most of Gnatijans is a sort of NO TRUST MOVE against the present Gnati Leadership? Only the leaders may have answer to this question.

I beg to describe here my own experience, as it is relevant to what Shri Som Dharamashi has observed. I happened to visit one of my K.D.O.friends in Gujarat. He is an active social worker and connected with a couple of Kutchhi Jain organizations. In course of our gossip, we

also touched upon our Gnati's present state and role of Gnati's mouth pieces like Prakash Samiksha and Panjo Pratibimb. To my surprise, he told me that he just leafs through these periodicals, as he does not find time to read them! If this is the attitude of so called leader, what can we expect from an average Gnatijan.

The article in Prakash Samiksha's issue dated 3-9 November 2012'Kutchh a crumbling landscape', only describes half the situation. The other half is 'Kutchh a crumbling culture'


K. Dixit

રીયલ ડાયમંડ જ્વેલરી

કૌશિક રાયચંદ શાહ (પટેલ)

(સાંધાણ - ઘાટકોપર)

98204 57676





**સનસીટી ડેવલપર્સ-ભુજ**

**સનસીટી-૩**

**૧૩મી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1457 | TVS વીક્ટર | પુરન લોહાર-મુંબઈ | દેવરાજ પટેલ |

કોમ્પ્યુટર સેટ: ૯૩૨, હેન્ડીકેમ કેમેરો: ૧૧૪૮, ફ્રિઝ ૨૩૦ લિ.૧૨૧૩, આટા મેકર: ૧૩૦૩

**-: આશ્વાસન ઈનામો :-**

(૧. ફ્રિઝ) : ૧૦૦૬, (૨.ટીવી) : ૩૬૯, (૩.વોશીંગ મશીન) : ૭૩૬,
(૪ થી ૫ ઓવન) : ૧૮૬૬, ૧૫૯૩
(૬થી ૧૦ ડીવીડી પ્લેયર):૧૦૫૧, ૧૫૪૫, ૫૭૧, ૧૧૭૧, ૮૭૮
(૧૧થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૧૯૦, ૭૮૩, ૩૮૮, ૧૩૯૪, ૧૦૩૭
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૬૦૬, ૧૮૩૯, ૯૧૮, ૧૭૦૭, ૮૧૭, ૭૩૩, ૪૦૫, ૦, ૧૮૮૫, ૧૫૨૮
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૬, ૧૦૬૪, ૧૭૨૪, ૯૮૮, ૨૨, ૧૧૯૩, ૧૯૩૦, ૧૧૧૩, ૪૧૦, ૧૮૮૪
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૬૬૭, ૧૩૩૮, ૨૦૧૩, ૧૬૪૨, ૧૧૮૦, ૧૫૮૧, ૩૦૧, ૧૫૬૨, ૧૧૦૬, ૧૨૮૦
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૨૫૦, ૧૨૩૦, ૭૬૬, ૧૩૦૮, ૭૩૫, ૯૦૫, ૧૩૯૬, ૨૦૩, ૯૩૮, ૧૨૨૪, ૧૬૫૮, ૯૯૦, ૨૦૨૭, ૧૯૨૨, ૩૭૦, ૩૯૩, ૨૨૪, ૧૬૩૬, ૧૩૯૦, ૧૦૮૨
(૬૬થી ૮૦ હેન્ડ બ્લેન્ડર): ૧૯૩૩, ૪૪૯, ૭૫૨, ઍ૯૩૨, ૨૧૭, ૧૩૯૨, ૨૦૩૩, ૫૮૪, ૧૮૮૩, ૧૦૧૯, ૮૦૬, ૧૦૪૪, ૬૨૮, ૫૫૮, ૯૬૬

**ચૌદમી મિટિંગ તા.૧૪-૧-૧૩ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**


## ALL ABOUT MEDICINES

As a rule, people normally visit medical stores to buy medicines prescribed by their doctors, often patented, without bothering to check the generic alternatives available. Now, we have a tool to check this out at w.w.w.healthkart.com. To find the cheaper alternatives, the users can search for the alternative medicines and heir content, and opt for cheaper generic versions than going for the costlier, patented ones. The site also imparts information as to what medicines to take, their correct dosage and even compare prices.

The site was promoted by a team of highly qualified professionals graduates from IIT, Stanford, Harward ), with experience in India and the US. At present, it offers a wide range of genuine health products across brands and categories, which covers categories like nutrition, sports and fitness, diabetes, home devices, eye, personal care, beauty, parenting & health services. The site's team of trained nutritionists, counselors and product experts help customers choose right products / services via live chat, email and phone.

***- LAHERI LODAYA** (MULUND)**: 098202 99330***

## દવા-ઔષધ ખર્ચમાં બચત

સામાન્યરીતે આપણે ડોક્ટરે લખી આપેલ દવાઓ-બ્રાન્ડ નામવાળી-ખરીદીએ છીએ. પરંતુ જો તેના વિકલ્પ તરિકે જેનેટિક દવાઓ ખરીદીએ તો ઘણો ફરક પડે. હવે તે માટે નેટ પર www.healthkert.com ની મુલાકાત લેતાં સસ્તા દરે પણ એટલી જ ગુણસભર એ સાઈટ પર કઈ દવા કેટલી માત્રામાં અને કિંમતની સરખામણી વગેરેની માહીતિ પણ મળે!

આ સાઈટ, સ્ટેન ફોર્ડ-હાર્વર્ડ યુનિવર્સીટીના આઈઆઈટીના નિષ્ણાત સ્નાતકોની એક ટીમ દ્વારા પ્રેરિત છે. જેણે ભારત અને અમેરિકામાં અનુભવ મેળવેલ છે. અત્યારે, વિશાળ શૃંખલામાં આરોગ્ય-ઔષધોને લગતી વિવિધ બ્રાન્ડ અને શ્રેણીઓ જેમાં પોષણ, ખેલ વિશ્વ, ડાયાબીટીઝ, ઘરેલુ ઉપકરણો, સૌંદર્ય, દષ્ટિ વ્યક્તિગત સાર સંભાળ, બાળઉછેર જેવા અનેકવિધ વિષયોનો સમાવેશ થાય છે, તેની માહિતીનો ભંડાર ઉપલબ્ધ કરે છે જેથી ઉપભોક્તાઓ પ્રત્યક્ષ સંવાદ, ફોન કે ઈ-મેઈલથી સાચું માર્ગદર્શન મેળવી શકે.

- ***લહેરી લોડાયા*** (મુલુંડ) *(૦૯૮૨૦૨૯૯૩૩૦)*

## શેઠ-શેઠાણી અને નોકર-ચાકર

- પ્રવીણ લોડાયા (વડોદરા)

આર્થિક ઉદારીકરણ પછી મધ્યમ તથા ઉચ્ચ, મધ્યમ વર્ગના લોકો પણ અત્યાર સુધી શ્રીમંતોનો ઇજારો ગણાતી વૈભવી રહેણીકરણી અપનાવવાની સપનાં જોવા માંડ્યા છે.

બદલાયેલા માહોલમાં જેમ ઉચ્ચ મધ્યમવર્ગમાં ભૌતિક સમૃધ્ધિનો લાભ લેવાની લાલચ વધી છે. ત્યારે શેઠને ત્યાં કામ કરતાં નોકરોની મહત્વાકાંક્ષા વધે તેમાં જરાય આશ્ચર્ય થવું ન જોઈએ.

વર્ષો સુધી ઘરમાં ઝાડુ, પોતાં કરતા અને એઠાં વાસણ માંજતાં ઘરનોકરોના વિચારોમાં ફેરફાર થયો છે.

વર્ષો જૂના ઘોંડુ કે રામાના લેબલમાંથી હવે આ ચહેરાઓને બહાર આવવું છે. આજનો ઘરનોકર વધુ પગાર મેળવવા તેના શેઠ સાથે ભાવતાલ કરતા શીખ્યો છે.

ભવિષ્યમાં તમારા ઘરનોકરો કારમાં આવશે અને ડાઈનિંગ ટેબલ પર તમારી સાથે જમશે. એ દિવસો દૂર નથી.

ભારતમાં થઈ રહેલા આર્થિક અને સામાજિક પરિવર્તનના અભ્યાસ માટેની બેંગલોરની સંસ્થાના વડા પ્રા. અબ્દુલ અઝીઝે એવો અભિપ્રાય આપ્યો હતો કે ભૌતિકવાદની અસરો પરિવર્તન પામી રહેલા ભારતીય સમાજ પર પડવાની તૈયારી થઈ ચુકી છે.

પ્રો. અઝીઝે બે દાખલા દિલ્હી અને મુંબઈના આપ્યા છે.

નવી દિલ્હીમાં ઠાઠમાઠ અને વૈભવથી રહેતા સરકારી અધિકારીઓ અને બીજી મોટી કંપનીના અમલદારોની અમીરી અને રહેણીકરણીથી ઘરકામ કરતા નોકરોની આંખો અંજાઈ ગઈ છે. નસીબ કે કરમને દોષ નહીં દેતા આ સમૃધ્ધિમાં 'ભાગીદારી' મેળવવાની તેમની ઇચ્છા જોર કરી રહી છે.

દક્ષિણ દિલ્હીના ગ્રેટર કૈલાસ વિસ્તારમાં ઘરકામ કરતો જગતસિંહ તો જાહેરમાં કહે છે કે, મારા સાહેબને કંપની તરફથી મોટર મળે તો હું સેકન્ડહેન્ડ હુંડા માટે મારા શેઠ પાસે લોન કેમ ન માગી શકું?

આનો અર્થ એ થયો કે કંપનીને જેટલી જરૂર શેઠની છે એટલી જ જરૂર શેઠને મારી છે.

એ કહે છે કે મારા બાળકો શેઠના દીકરા-દીકરીને મોટરમાં જતાં જોઈને સાઈકલ પર જવાની ના પાડે છે

બીજા એક ઘરનોકર બહાદૂરે તો દિલ્હીના પરાં નોઇડામાં નાનકડું ઘર લઈ ટેલિવિઝન સહિત ઘણી વૈભવી ચીજ વસ્તુઓ પણ વસાવી છે.

આ ઘરનોકરોનું કહેવું છે કે, અમારી નોકરીને પણ બીજી નોકરીઓ જેવું જ મહત્વ મળતું જરૂરી છે. અમને ગુલામ ગણવાના દિવસો હવે ગયા."

બીજા એક નોકરે તો લોન લઈને સ્વીફ્ટ ખરીદી અને પછી ઊંચા દામે વેચી એક નવો ચીલો પાડ્યો છે. બેન્ક અને મૂડીરોકાણ એ હવે માત્ર ભણેલાઓનો ઇજારો રહ્યો નથી.

મુંબઈના પરા અંધેરીમાં રહેતી રાધાબાઈ તેના સંતાનોને અંગ્રેજી શાળામાં ભણાવે છે. દર મહિને ટ્યુશનો પાછળ હજાર રૂપિયા ખર્ચે છે. મુન્નીબાઈએ શેઠ પાસેથી લોન મેળવીને પુત્રી રૂબિયાને બ્યુટિશિયન બનાવી છે. આજે રૂબિયા મોંઘા ભાવના પંજાબી ડ્રેસ ખરીદી શકે છે તેની પાછળ મુન્નીબાઈનો અથાગ શ્રમ છે.

આજે તો ઘરકામ કરનારા અને સોસાયટીઓમાં બાથરૂમ ધોનારાઓના ઘરમાં પણ રંગીન ટેલિવિઝન આવી ગયા છે. ફ્રીઝ તથા એરકન્ડિશન્ડ ખરીદવા પૈસાની બચત કરવી શરૂ થઈ ગઈ છે. તેમના બાળકો સારું શિક્ષણ લઈ રહ્યા છે.

મહિલાઓ તેમની કારકિર્દીના વિકાસ માટે ઘર બહાર નિકળી છે. આથી રસોડું અને બાળકો બન્નેને સાચવવા માટે વધારાની મદદ જરૂરી બની ગઈ છે. આ જરૂરિયાતને માત્ર અને પુરવઠાનો નિયમ લાગુ પડ્યો છે. પરિણામે નોકરોની ખેંચ વર્તાય છે.

તેઓ શેઠ પાસેથી ધાર્યા પૈસા કઢાવી શકે છે. વાપરેલાં કપડાં અને વધ્યું-ઘટ્યું ખાવાનું આપીને સવારથી સાંજ સુધી કામ કરાવવાના દિવસો હવે પૂરા થયા.

પગાર ઉપરાંત કપડા, દિવાળીનું બોનસ, ભરપગારે રજા, અઠવાડિયે એક રજા, જેવી માગણીઓ શરૂ થઈ ગઈ છે. શેઠ શેઠાણીએ તેને માન્ય પણ રાખવી પડે છે.

જૈન ધર્મ જેને સર્વ દુ:ખનું મૂળ ગણાવે છે એવી ઇચ્છાઓ આકાશને આંબી રહી છે. જૈન ધર્મના મૂળ સિધ્ધાંતો જો અપનાવીએ તો ઘણી તકલીફોમાંથી આપણે દૂર રહી શકીએ છીએ. અન્યથા પાણી પહેલાં પાળ બાંધવી જોઈએ. આપણા સંતાનોને નાનપણથી શ્રમનો મહિમા સમજાવવો જરૂરી છે. દીકરો હોય કે દીકરી નાનપણથી જાતે કામ કરતા શીખે તો ભવિષ્યની આવનારી તકલીફો એમને નહીં નડે. દીકરાઓને રસોઈ બનાવતા પણ શિખડાવવું જરૂરી છે.

શ્રમ કરવાથી એમની કસરત થશે. મોટાપાથી, ડાયાબીટીસ, બ્લડપ્રેશરથી વેગળા રહેશે. અમેરિકામાં રહેતા લોકોની જેમ એંશીથી નેવું વર્ષ સુખેથી કાઢશે.

સંયુક્ત કુટુંબની પ્રથા ફરી અપનાવવી, જોઈએ. પોતાના અભિમાન ઈગો, ઈર્ષ્યા, સ્વાર્થને ભગવાનના ચરણોમાં સમર્પિત કરીને આવનારા કાળમાં સુખેથી-શાંતિથી રહી શકીએ તેની તૈયારી આજથી જ કરવી જોઈએ.

નોકરોના જુસ્સામાં સારો એવો વધારો થયો છે. નસીબને દોષ દેવાને બદલે આજે નોકરો પોતાના નસીબના જાતે ઘડવૈયા બનવા આતુર બન્યા છે.

શેઠ-શેઠાણીઓના રૂઆબના દિવસો સમાપ્ત થવા આવ્યા છે. સાચ્ચે જ ભારત સામાજિક પરિવર્તના પંથે છે એમાં બેમત નથી. પરિવર્તન સંસારનો અટલ નિયમ છે.

## ઝૂકી તો જવાય ને ?

### વૈયાવચ્ચે વીરતા

શ્રમણ વૈયાવચ્ચે યોગાનુયોગ જ્ઞાતિની "મધુબેન" નામની પાચ બહેનોના નામ સંતોની વૈયાવચ્ચે તેઓશ્રીની દિલની ડાયરીએ કાયમ નોંધનીય છે. આ બહેનો અચલગચ્છ અને અન્ય ગચ્છના પણ સાધુ-સાધ્વીજીઓની વૈયાવચ્ચે આદરના આસને બીરાજીત છે!

ગામના ઉપાશ્રયે પધારનાર સંતોના આગમન સાથે તેઓશ્રીની હર ખપ-જરૂરીયાત પૂરી કરવા સમર્પિત રહે. જેમ કે પધારતાં જ ઉપાશ્રયની સાફસુફી, ગરમ પાણી, ઉપકરણો, તપસ્વી મહાત્માઓના તપના પારણાં, નવકારશી, ચૌવિહાર, ટપાલ, ધાર્મિક સામાયિકો, પત્રો સાબુ, દવા, વ્હીલચેર રીપેરીંગ, બીમારીએ માફક આવે તેવા આહાર પાણી, અને આગળની વિહાર યાત્રાની તૈયારીમાં સર્વ સાવધાની વગેરેમાં વાકેફ રહી-રખાવી નોંધનીય કાર્યવાહીએ તે તે સંઘ સાથે અન્ય સંઘોમાં પણ નામ કાઢ્યું છે. એમની અનુમોદના આપવામાં કદિ માપ ન રાખતા એવા : ૧) મસ્જીદબંદરે શ્રી મધુરીબાઈ મુલચંદ લોડાયા, ૨) માટુંગામાં શ્રી મધુરીબેન મહેન્દ્ર ડાઘા (વરાડીયા), ૩) ભાંડૂપમાં સૌ. મધુબેન લહેરચંદ ડાઘા (વરાડીયા), ૪) ચાલીસગામમાં શ્રી મધુરીબેન ભદ્રીચંદ લોડાયા અને ૫) મુલુન્ડમાં મધુબેન દિનેશચંદ્ર ચટ્ટાઈવાલા (સાંયરા)નું નામ અનુમોદનીય છે. આ ઉપરાંત અન્ય શ્રાવક-શ્રાવિકાઓ પણ ઘણા છે. આવી વીરલ ને વૈયાવચ્ચ માટે ઝૂકી તો જવાય ને?

*લહેરચંદ વેલજી મૈશેરી (ભાંડૂપ)*

---

**ભુલસુધાર** : અંક નં.૫૧માં સમાચાર વિભાગમાં શીઘ્રકવિ શ્રી પ્રેમચંદ મોતાને પુનાના ૧૫ જ્ઞાતિજનો મળ્યા હતા તેની વિગતો અપાઈ છે તેમાં તે મુલાકાત પુના સંઘ દ્વારા યોજાઈ હતી તેવી માહિતી શરતચૂકથી છપાઈ છે. હકિકતમાં તે મુલાકાત અને જ્ઞાતિજનો સાથેની ગોષ્ટિ વ્યક્તિગતસ્તરે યોજાયા હતા, પુના સંઘના નેજા હેઠળ નહીં.

**સ્પષ્ટતા** : અંક નં.૪૯ માં પાના નં.૫ ઉપર શ્રી પ્રવીણ ખોનાના "જ્ઞાતિમાં સંસ્થાકીય ક્ષેત્રે પ્રગતિનો અભાવ" શીર્ષક હેઠળના લેખમાં જ્ઞાતિ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદોને મહિને રૂા.૧૦૦થી ૨૦૦ની સહાય અપુરતી છે તે વિધાનમાં હકીકતદોષ છે. શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિસ્તરે અનેક જરૂરિયાતમંદોને દર મહીને રૂા.૭૦૦/- થી રૂા.૯૦૦/- જેટલી સહાય કરી રહ્યું છે. આ સુધારાની નોંધ લેવી.

---

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||    || શ્રી સચ્ચામાતાય નમો નમઃ ||

## લોડાયા પરિવાર - સાંધવ

શ્રી સાંધવ ગામના લોડાયા પરિવાર તેમજ લોડાયા પરિવારની સર્વે નિયાણી બહેનોને પહેડી પ્રસાદના કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

*અંતરમાં છુપાયેલી છાની, એકજ અમારી આશ*
*પુર્ણ કરજો હે માવડી, એજ અમારી અભિલાષ.*
*અમને તો બસ લાગી સચ્ચા માવડી તારા દર્શનકેરી આશ.*

જીહાં! જગતજનની ત્રિશુલધારી, કુળદેવીશ્રી સચ્ચામાતાજી, સખત માતાજીની પહેડી-પ્રસાદ રવિવાર **તા.૧૪-૪-૨૦૧૩**ના સાંજના ૪ કલાકે શેઠશ્રી નરશી નાથા સભાગૃહ (AC હોલ) ગ્રાઉન્ડ ફ્લોર, ભાંડુપ (વે), મુંબઈ-૭૮માં રાખવામાં આવેલ છે.

પહેડી-પ્રસાદનો લાભ **માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા પરિવાર** (સાંધવ-મુલુંડ)એ લીધેલ છે.

સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સમયસર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

**વધુ વિગત માટે સંપર્ક :**
**09820540949 / 09867167387**


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

**ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.**

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

# દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

માતુશ્રી જવેરબેન ધનજી ઘરમશી કચ્છીભવન, ૪૪બી, ૧લો મેઇન રોડ, મીની ફોરેસ્ટની સામે, જે.પી. નગર, ૩જો ફેઝ, બેંગલોર-560078 ● ફોન: (080) 2658-6798/6799
E-mail : dbkdo.jainekkam@yahoo.in સંપર્ક : 09886106912 - જયચંદભાઈ

## કલ્પવૃક્ષ યોજના ગેરસમજ અંગે...

બધાં જ વૃક્ષ રોકાણકારોને અગાઉ વારે વારે સૂચિત કર્યા મુજબ કલ્પવૃક્ષ યોજનામાં એકમે ફક્ત મધ્યસ્થી (Co-ordinator)નો ભાગ ભજવેલ છે. પ્લાન્ટર અને ડેવલપર બોન પ્લાન્ટેશન એન્ડ એક્સપોર્ટ લિમિટેડ, કોચીનની પ્લાન્ટેશનની યોજનામાં વિશાળ જનસમુદાયના હિતનાં એકમેવ ઉદ્દેશથી એકમની તે સમયની સમિતિએ તેમની સાથે વાટાઘાટો કરી બહુ જ ઓછા દરે વૃક્ષોની કિંમત વગેરે નક્કી કરી જોડાવવાનું કર્યું હતું. વૃક્ષો ઉગાડવાની, તેની માવજત રાખવાની વગેરે સંપૂર્ણ જવાબદારી પ્લાન્ટર બોન પ્લાન્ટેશન એન્ડ એક્સપોર્ટ લિમિટેડ, કોચીનની જ હતી, પણ કુદરતના વિપરીત પરિણામોને લીધે વૃક્ષો નિષ્ફળ જતાં યોજના પડી ભાંગી. કુલ ૪૧૫૭૦ વૃક્ષ રોકાણકારો પાસેથી આવેલી કુલ રકમ રૂ.૧૮૨.૯૧ લાખમાંથી પ્લાન્ટરને રૂ.૧૭૦.૪૪ લાખ ચૂકવ્યા છે. રૂ.૧૨,૪૭ લાખની રકમ વૃક્ષદીઠ રૂ.૩૦ લેખે એકમને ડોનેશન તરીકે વૃક્ષ રોકાણકારો તરફથી મળેલ. જેમાંથી કમિશન, પોસ્ટેજ, છપાઈ, મોમેન્ટો વગેરે ખર્ચા બાદ થતાં એકમને અંદાજે ૫ થી ૬ લાખની રકમ મળે છે. વૃક્ષ રોકાણકારોમંથી આપણી જ્ઞાતિના ૪૦૭૧ જણાં, ૨૩૦૦૦ વૃક્ષો (૫૫%), રૂ.૯૪.૮૯ લાખ, રૂ.૨૩૩૦ વ્યક્તિદીઠ તથા અન્ય જ્ઞાતિના ૩૦૨૧ જણાં, ૧૮૫૭૦ વૃક્ષો (૪૫%), રૂ.૭૫.૫૫ લાખ, રૂ.૨૫૫૦ વ્યક્તિદીઠ હતા. એ સમયે ભારતભરમાં લગભગ ૫૭૪ કંપનીઓ આવી યોજના લાવેલ, જેમાં બોન પ્લાન્ટેશન એન્ડ એક્સપોર્ટ લિમિટેડ, કોચીન પણ એક હતી અને અમારી માહિતી મુજબ અત્યારસુધી આમાંની કોઈપણ કંપની સફળતાને વરેલ નથી. વૃક્ષોની પ્રગતિમાં આવેલ અડચણોમાં (૧) ભૂમિ ધાર્યા મુજબ માફક ન આવવી, (૨) સતત ૩ વરસ દુકાળ જેવી પરિસ્થિતિ, (૩) ઓસ્ટ્રેલિયન મૂળના વૃક્ષોને હવામાન માફક ન આવવું. (૪) વન્ય પશુઓ, ઉંદર, ઉધઈનો ઉચાટ, (૫) મૂળીયાનો (Root Wrot) રોગ વગેરે મુખ્યત્વે કારણરૂપ બન્યા.. બધા જ રોકાણકારોને આપેલ સર્ટિફિકેટની સંપૂર્ણ વિગત વાંચી જવા ફરીથી અનુરોધ કરવામાં આવે છે. એકમ રોકાણકારોને ઓછામાં ઓછી તેઓએ રોકેલ વૃક્ષોની રકમ બોન પ્લાન્ટેશન એન્ડ એક્સપોર્ટ લિમિટેડ પાસેથી મેળવી અપાવવા કોશિસ કરશે જ. જરૂરિયાતમંદ ૬૮૫ રોકાણકારોને તેમણે રોકેલ રકમ રૂ ા.૨૨.૭૮ લાખ ચૂકવાયેલ છે.

અમુક વિઘ્નસંતોષી વ્યક્તિઓ ખોટી રજૂઆત કરી રોકાણકારોને ભડકાવી રહ્યા છે અને એકમ તથા તેના પદાધિકારીઓને બદનામ કરી રહ્યા છે. યોજના બારામાં કોઈપણ જાતની માહિતી માટે એકમની ઓફિસનો ડાયરેક્ટ સંપર્ક કરવા નમ્ર વિનંતી.

લિ.

**દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાળ જૈન એકમ**

**પ્રમુખ : ખુશાલચંદ ધનજી ઘરમશી**

## PEOPLE AT THE BOTTOM OF THE PYRAMID

In recent past, I had stayed for more than three weeks in Kutch. The stay was not due to any love for 'Kutch, but out of compulsion because I had to be there to look after my ailing mother who eventually expired.

I must admit that life in Kutch is indeed very, very tough. In most of the villages in Abdasa where most of the KDO population is settled do not have any doctor, there is no chemist shop, no kirana shop, no barber, fruits and vegetables are hardly available. In case of medical emergency you have to rush to Kothara, Mandvi or Bhuj. Ambulance services are not easily available. You have to wait for ambulance service and the waiting can be anywhere between half a day to two days. ( In Mumbai, we lose our patience if pizza is not delivered in 20 minutes ! ).

You have to go to Naliya to get replacement of your gas cylinder. Most of the families are one or two member families. In some rare cases the family is reduced to a single widow or widower. Imagine how these families may be managing their day to day affairs ? The villages are badly inter-connected by bus services. In most of the villages there may be a single service - one in the morning for going out and one in the evening to return !

There are hardly any economic activities to give employment to youth who are not well educated.

Most of them out of frustration have migrated to neighbouring big cities or towns in Gujrat or have come down to Mumbai. Day by day the male population is dwindling and in their absence who will take care of their other family members ?

Food and health care are the two main issues which need urgent attention. Common kitchens should be set-up to provide food to all at a subsidized rate. On an experimental basis such services can be tried out in those villages where minimum 30 KDO persons are -residing and if the scheme works, the same could be extended to other places.

As far as medical services are concerned, a van with a doctor may be stationed at Kothara and once a week trips may be planned to interiors. Since most of the villages are close by, four or five villages can be covered in a single day. Such medical facilities will be a great boon to the K.D.O.Community settled in Kutch.

Alternatively, some very senior citizens should be convinced to move out and may be accommodated in "Jeevan Sandhya "at Gadag or " Vadil Vandana " at Gundala ( This shelter is managed by KVO Trust, . but they are accepting KDOs also.

Finance should not be a problem because we have a wide range of donors (Silver, Gold, Diamond, Platinum and so forth) to come forward to take up such noble causes.

***- LAHERI LODAYA*** (Mulund)***: (098202 99330)***


**જોઈએ છે**

કોઈમ્બતુરમાં એકલા રહેતા માયાળુ બહેનની સાથે રહી રસોઈ, ઘરકામ કરી શકે એવા બહેન જોઈએ છે.

**સંપર્ક : ગુણવંતીબેન શાહ ફોન 0422-2443695**


**ગતાંકના 'શબ્દ શોધો'ના સાચા જવાબ :**

**આડી ચાવી :** ધનવાન, રોજબરોજ, મધ, કપચી, વિના, તરાઈ, કપિલા, કસ, વેળા, તસુ, પડાવ, તાણખો, વેણ, દત્તક, તાકો, ઈમાનદાર, રમજાન

**ઊભી ચાવી :** ધડક, વાતચીત, રોધ, બતી, જમના, મલાઈ, અકળામણ, વિલાયત, રાજકુંવર, સગપણ, તડકા, ખોદકામ, વેવાઈ, કફન, પાન, તાર

# તૃતીય પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ

**॥ જનની ની જોડ સખી, નહી જડે રે લોલ ॥**

જન્મ
તા. ૧૫.૦૮.૧૯૪૨



અરિહંતશરણ
તા. ૧૯.૧૨.૨૦૦૯

## માતુશ્રી તારાબેન કુંવરજી દંડ

(ગામઃ સેવક ભરૂડીયા, મુલુંડ)

**મા સમો થશે નહીં કોઇ આ વિશ્વમાં, હોય ભલે બીજુ બધુયે, ના કોઇ મા ની તોલમાં...**

માડી તારા વેણ સાંભરે, માડી તારો ખોળો સાંભરે,
હેત ભર્યા આશિષ અને હૈયાની હુંફ સાંભરે,
અમને આજેય ભીંજવી રહી છે, સ્મૃતિઓ આપના સ્નેહાળ જીવનની,
ને ભીના થઇ જાય છે નેણ, સ્મરણો ભીંજવે હૈયુંને, હૈયું ભીંજવે આંખ
હવે તો રહી ગઇ છે માત્ર આપની સુમધુર યાદ.
તમારી સ્મૃતિના ધબકારા અને અસ્તિત્વને અમારૂ રોમે રોમ હજુયે અનુભવે છે,
આપની હયાતીનો હુંફનો હુંફાળો સ્પર્શ.
આપનું ધર્માનુરાગી દિવ્ય આત્મા પરમ શાંતિ પ્રાપ્ત કરી,
સિધ્ધ ગતિ ને પામે, એજ પ્રભુ ને પ્રાર્થના.

## <u>હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો</u>

| | | |
|---|---|---|
| પતિ | : | શ્રી કુંવરજી ખીમજી દંડ |
| સાસુ સસરા | : | સ્વ. દેવાબાઇ ખીમજી લધાભાઇ દંડ (સેવક ભરૂડિયા) |
| માતા પિતા | : | સ્વ. ડેકાબાઇ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી) |
| પુત્ર–પુત્રવધૂ | : | અ. સૌ. કલ્પના મનોજ કુંવરજી દંડ |
| પુત્રી–જમાઇ | : | અ. સૌ. મિતા હિતેશ હિંમતલાલ લોડાયા |
| | | અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા |
| પૌત્રી | : | ઉન્નતિ, સ્તુતિ, પલક |
| દોહિત્રી–દોહિત્રા | : | સૃષ્ટિ, યતીશ, સંયમ |

॥ શ્રી આદિ અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO
દશાઓની નવી દિશા

વિધિપક્ષગચ્છ સંસ્થાપક પ.પૂ.આ.ભ.શ્રી **આર્યરક્ષિતસૂરીશ્વરજી** મ.સા. ની નવમ્ શતાબ્દિ વર્ષે
શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ના જન્મશતાબ્દિ વર્ષે

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનું ગૌરવ**

# મુમુક્ષુ કુમારી દિશા જયચંદ લોડાયાનો
## ભવ્યાતિભવ્ય વરસીદાનના વરઘોડાનો પ્રસંગ

**✿ શુભાશિષ – મુહૂર્ત પ્રદાતા ✿**
તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**✿ દીક્ષા પ્રદાતા ✿**
સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી
**કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.

**મંગલ આશીર્વાદ :** યતિવર્યશ્રી મોતિસાગરજી મ.સા.



**✿ જીવન સમર્પણ ✿**
સાધ્વીમુખ્યા પ.પૂ. **નિરંજનાશ્રીજી** મ.સા. ના શિષ્યા
શાસનપ્રભાવિકા પ.પૂ. **પુણ્યોદયશ્રીજી** મ.સા.ના શિષ્યા
વ્યવહારકુશલા પ.પૂ. **વિપુલગુણાશ્રીજી** મ.સા.



પરપરિણતિથી મુક્ત થવાનું, આભ્યંતર સૃષ્ટિમાં ખોવાઈ જવાનું
જ્ઞાનાદિગુણોમાં ગુલતાન બનવાનું, જિનાજ્ઞા – ગુર્વાજ્ઞાને શિરોધાર્ય કરવાનું
આહારાદિ સંજ્ઞાને પરિહરવાનું, એવા મહાભિનિષ્ક્રમણના માર્ગે જવા તત્પર બનેલી
**કુમારી મુમુક્ષુ દિશા જયચંદ હીરજી લોડાયા**
**અમારા મસ્જિદબંદર સંઘની લાડલીને**
અંતરના આશિષ અર્પવા, ત્યાગીના ત્યાગની અનુમોદના કરવા,
વરસીદનાના વરઘોડો તેમજ બહુમાન પ્રસંગે આપ સૌ અવશ્ય પધારી,
**શાસનની શોભા વધારવા–અનુમોદના કરવા આવકારભર્યું આમંત્રણ...**

**દીક્ષા દિન**
પોષ સુદ ૧૨
તા. ૨૩-૧-૧૩
બુધવાર

**વરસીદાન વરઘોડો**
**તા. ૧૩-૧-૧૩, રવિવાર,**
સમય ૯.૦૦ કલાકે
શ્રી અનંતનાથ ૨૪ જિનાલય
ખારેક બજાર – મસ્જિદ બંદર

**દીક્ષા સ્થળ**
સુમતિનાથ જૈન
દેરાસર
મુલુંડ (ઈસ્ટ)

**વરસીદાનના વરઘોડા બાદ મહાજનશ્રી દ્વારા દિક્ષાર્થી બહુમાન તથા 'સાધાર્મિક ભકિત' રાખવામાં આવેલ છે.**
**સકળ સંઘને લાભ લેવા વિનંતી**

નોંધ :- મહાજનશ્રી દ્વારા થતાં 'બહુમાન' દરમ્યાન અન્ય સંસ્થા / મંડળો / સંઘોએ દિક્ષાર્થીનું બહુમાન કરવું હોય તો મહાજનશ્રી કાર્યલયનો સંપર્ક કરવો
લી. શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – મુંબઈ

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ–અમદાવાદ

પ્રમુખશ્રી,
અખીલ ભારત અચલગચ્છ જૈન સંઘ,
મુંબઈ

જયજિનેન્દ્ર સાથે જણાવવાનું જે "અચલગચ્છ જૈન સંઘ" જેમાં આ સંઘની સમાચારી પાળતા ક.દ.ઓ., ક.વિ.ઓ. અને રાજસ્થાની તથા ગુર્જર સમાજ છે. જ્યાં જ્યાં ભારતભરમાં રહેવાસી છે ત્યાં સંયુક્ત રીતે અચલ ગચ્છના નામ ચાલે છે. એમ સામાન્ય રીતે ચાલ્યું આવે છે. મુંબઈ જેવા મહાનગરમાં પણ એકજ ગચ્છ તરીકે ચાલે છે. જરૂર ત્યાં 'દશા કે વીશા' એવા નામે મહાજનો છે. પણ ક્યાં પણ 'દશા કે વીશા અચલગચ્છ' જેવા નામો તો નથી જ. વડોદરામાં પણ ક.દ.ઓ. જ્ઞાતિએ અચલગચ્છ શબ્દ જુદું બતાવેલ તો નથી જ.

હા બે-ચાર વર્ષો પહેલા અમદાવાદ માં આવી ગચ્છ ભંગાણ પડવાની રીત ચાલુ થવાના પ્રસંગ બનવાની તૈયારી થયેલ. જેના માટે બે-ત્રણ પરીપત્રો પણ બહાર પડેલ. જાણકારી મુજબ એની કોપીઓ આપના ઓફીસે મોકલાવેલ અને આ વાતની ચર્ચાઓ "પ્રકાશ સમીક્ષા"માં પણ ચર્ચાયેલ અને મુંબઈથી અમદાવાદમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિના અગ્રણીઓને ફોન દ્વારા જાણ કરવામાં આવેલ કે આ પ્રવૃતી યોગ્ય નથી અને એને આગળ વધારવામાં ન આવે તો એ ગચ્છ માટે યોગ્ય ગણાશે. આજે હવે જ્યારે "ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ" અમદાવાદ દ્વારા અત્રેના માસીક 'મંગલમંદિર'માં જાહેરાત આવેલ છે. જેની કોપી આ પત્ર સાથે મોકલી છે. જેનાં દ્વારા આપ જાણી શકો છો કે અમદાવાદમાં જે અચલગચ્છ જેવી સંસ્થા ચાર સમાજોના સંયુક્ત નામે ચાલે છે. તદ ઉપરાંત આ નવી સંસ્થા 'ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ' અમદાવાદ પણ સ્થપાયેલ છે. હવે આપ કયા 'અચલગચ્છ સંઘ'ને માન્ય ગણો છો? એની કૃપા કરી જાણ કરશો. શું એકજ શહેરમાં બે અચલગચ્છ સંઘ હોય? શું એવી સંસ્થાની પ્રણાલી અખીલ ભારત અચલગચ્છ સંઘની છે?

કોઈપણ જ્ઞાતિ પોતાનો સંઘ સ્થાપે ભવન બનાવે એ સમજાય પરંતુ ગચ્છનાં એ ફાડા પાડવાની રીત અપનાવે એ યોગ્યતો ન જ ગણાય અને એમાં પણ ગચ્છાધિપતિશ્રીનું નામ યોગ્ય કે અયોગ્ય રીતે સામેલ થાય એ તો જૈન ધર્મ કે અન્ય ગચ્છોમાં પણ ચર્ચાય છે. આપશ્રી આ બાબત સ્પષ્ટતા કરી માર્ગદર્શન કરશોજી.

નકલ રવાના : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમદાવાદ

*અમદાવાદ ૧૧-૧૨-૧૨* *નરેન્દ્ર રાઘવજી લોડાયા*

### મુંબઈ મહાજન યોજીત કેરલા–તામિલનાડુ યાત્રા પ્રવાસ

સંપૂર્ણ જ્ઞાતિના સિત્તેર ટકા જ્ઞાતિનું પ્રતિનિધિત્વ ધરાવનાર, સન્માનીય, પ્રતિષ્ઠિત, મોભેદાર જ્ઞાતિ મહાજન દ્વારા આયોજિત યાત્રા પ્રવાસમાં જોડાવવાનો અનેરો ઉત્સાહ હૃદયમાં હતો. મુંબઈથી શરુ થયેલ આ પ્રવાસ જેમ જેમ આગળ વધતો રહ્યો તેમ તેમ એ ઉત્સાહ ઉપર ઠંડુ પાણી રેડાતું રહ્યું. ટ્રેનના પ્રવાસ પછી કોઈમ્બતુરમાં આગમન સાથે એક કાર્યકર્તાશ્રીના પરિવારના સભ્ય દ્વારા તુમાખીભર્યા વર્તનથી હૃદય ડઘાઈ ગયું, પણ કોઈમ્બતુરવાસીઓના સ્નેહમિલનથી હૃદય પ્રફુલિત થયું બીજા દિવસે પ્રવાસ આગળ વધ્યો ઉટી તરફ પ્રયાણ, ઉટીના ૪-૫ કલાકના રોકાણમાં એક પર્યટનસ્થળને માણવાને બદલે હાલાકી વધારે ભોગવી. ભોજનમાં વિલંબ, અભક્ષ્ય અનંતકાયનો ભોજનમાં સમાવેશ અને દિશાહીન સ્વેચ્છા વિહાર જેમાં ચોવિહાર કરવાવાળા એ સમય સુધી ચોવિહાર સ્થળને શોધી શક્યા નહીં. રાતે ૯ કલાકે ઉટીથી આ પ્રવાસ અધ્ધર શ્વાસે અલપઈ માટે શરુ થયો. કેમ કે, બસમાં એક જ ડ્રાયવર હતો અને એ પણ શરાબનું પાન કરીને આવ્યો હતો, ઘાટ સેક્શન હતો અમારા બસમાંથી અશોકભાઈ દંડ, કિશોરભાઈ અને લહેરચંદભાઈ નાગડા વારાફરતી એ ડ્રાયવર પાસે જાગતા બેઠા હતા અને બીજા પ્રવાસીઓના હૃદયમાં નવકારનું રટણ ચાલુ હતું. એમ હતું કે, સવારના આઠ વાગ્યા સુધી અલપઈ પહોંચી જશું પણ આ પ્રવાસ દોઢ વાગે પુરું થયું. પ્રભુ પૂજા અને ભક્તિ પછી ભોજન અને અમારા માનનીય પ્રમુખશ્રી અને મંત્રીશ્રીના સન્માન સાથે જ્ઞાતિજનોની અલપ-ઝલપ મુલાકાત અને નૌકા-વિહારના કાર્યક્રમ અને ભોજન પછી અલપઈથી કોચીન માટે પ્રયાણ શરુ થયું. કોચીનવાસીઓ દ્વારા આ પ્રવાસમાં જોડાયેલ પ્રત્યેક ભાઈ-બહેનોનું ઉત્સફૂર્ત સ્વાગત કરવામાં આવ્યું. રાતના ૧૧ વાગે પણ ત્યાંના યુવકો અમારા માટે ખડે પગે ઉભા હતા અને પોતાની સેવા આપતા હતા. આ જોઈ હૃદય ગદગદીત બની ગયું. કોચીનમાં પ્રભુસેવા-પૂજા, નવકારસી દ્વારા દિવસની શરૂઆત થઈ. સાંજે (કે રાત્રે?) કોચીનવાસીઓ સાથે સહભોજન લઈ શરુ થયો મુંબઈ મહાજનશ્રીના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીના સ્વાગત સમારંભનો કાર્યક્રમ. ઉષ્માભર્યા સ્વાગત પછી જ્ઞાતિજનો માટે ખુલી ફોરમ રાખવામાં આવેલ. જેમાં એક જ્ઞાતિજને આજનો

સૌથી ગંભીર અને વિચારણીય પ્રશ્ન પ્રમુખશ્રીને પુછ્યો જે 'અનંતછાયા' ઘાટકોપર વિશે હતો.. એના જવાબમાં મહાજન પ્રમુખશ્રી અને મંત્રીશ્રીએ જે ખુલાસા આપ્યા અને જ્ઞાતિના એક નાના ઘટક (મહાજન) સામે જે બોલ્યા એ મુંબઈ મહાજનશ્રીના પ્રતિષ્ઠિત પદ પર બિરાજમાન વ્યક્તિ માટે યોગ્ય ન હતા.. સંપૂર્ણ જ્ઞાતિના મુખપત્ર તરીકે જ્ઞાતિવાસીઓના હૃદયમાં પ્રતિષ્ઠિત છે એના માટેના આક્ષેપો અને વ્યક્તિગત આક્ષેપો જરા પણ ન્યાયસંગત ન હતા.. અનંતછાયા વિશેના ખુલાસા એ 'પ્રકાશ-સમીક્ષા'માં નથી આપી શકતા તો મહાજશ્રીનો પોતાનો મુખપત્ર "કે.ડી.ઓ.. વર્લ્ડ" માં તો અવશ્ય આપી શક્યા હોત જે આજ દિવસ સુધી નથી અપાયા એનું કારણ શું?

માનનીય મંત્રીશ્રી દ્વારા પણ ત્યાં જે બોલાયું એના માટે પણ એટલુંજ કહેવા માંગુ છું કે જેમને પોતાની સંપતિનો ઉપયોગ ભોગ-વિલાસમાં કર્યો છે એમની યશોગાથા ઈતિહાસમાં નથી ગવાઈ પણ પોતાની સંપતિનો સત્કાર્યોમાં ઉપયોગ કરનાર દાનવીરો ઈતિહાસના પાનાઓમાં અમર થઈ ગયા છે. કોચીનનો પ્રવાસ પૂર્ણ કરી અમે કલીકટ તરફ રવાના થયા.. અપેક્ષાથી વધારે કલાકોનો પ્રવાસ કરી જ્યારે અમે કલીકટ પહોંચ્યા ત્યારે કલીકટવાસી અને બડગરાવાસી કાગડોળે અમારી રાહ જોઈ રહ્યા હતા.. કલીકટ તો જાણે "ડેલે હાથ દઈ આવ્યા" જેવું થયું. બપોરનું જમણ સાંજે આરોગ્યું. સાંજનું જમણ રાતે ૧૧ વાગે વ્યાનાર્ડમાં.. પ્રમુખશ્રી અને મંત્રીશ્રી તો પોતાનું સન્માન કરાવી બપોરની ફ્લાઈટથી મુંબઈ પહોંચી ગયા હતા.. રહી ગયા હતા અમે પ્રવાસીઓ, થકવી નાખે એવો પ્રવાસ પૂરો કરવા માટે. એવા આયોજન માટે ત્યાંના જ્ઞાતિજનોનો એક જ સુર હતો કે આ આયોજન માટે અથવા અહિંયાની જાણકારી માટે અમારી કોઈ સલાહ-સૂચન લેવાઈ જ નથી.. ત્યારે મનમાં વિચાર આવ્યો કે અમારા મહાજનશ્રીના મંત્રીશ્રી પોતે એક બાહોશ અને સફળ ટૂર-આયોજક અને સંચાલક છે તો આ ટૂર આટલી બધી ખામીયુક્ત કેમ? જેમાં મુસાફરીમાં ક્રોઈ જગ્યા રોકાણના કલાકો કરતા ખાલી બસમાં મુસાફરી કરવાના કલાકો વધારે હતા.. વ્યાનાર્ડથી પણ પાછા કલીકટ ઉટી થઈને કોઈમ્બતુર પહોંચ્યા હતા..

મહાજનશ્રીના આપેલ વિજ્ઞાપનમાં એને "યાત્રા પ્રવાસ" નામ આપવામાં આવેલ.. તો કહેવાનું કે યાત્રાના નીતિ-નિયમો હોય છે. નિયમોને નેવે મુકીને કરાયેલ યાત્રા કેવલ પ્રવાસ નિવડે છે. જૈનનું બિરૂદ ધરાવનાર અમે ધર્મ વિરુધ્ધનું આચરણ કરીએ તો શું કહેવાઈએ? ધર્મમાં રાત્રિભોજનને નરકનું પ્રથમ દ્વાર કહેવામાં આવ્યું છે. જ્ઞાતિના પ્રતિષ્ઠિત મહાજન દ્વારા કરાયેલ આયોજનમાં જ રાત્રિભોજન થતા હોય એ કેટલું યોગ્ય છે? સમુહમાં કરાયેલ રાત્રિ ભોજનનું પાપ કોના માથે ? આ પ્રશ્નોના કોઈ જવાબ છે કે નથી? શાયદ નથી..

તે છતાંય આ પ્રવાસમાં જોડાનાર પ્રત્યેક વ્યક્તિએ પોત-પોતાની રીતે આનંદ માણ્યો હશે. અમારી સાર-સંભાળ લેનાર તથા અમારા માટે પોતે પણ હેરાન થનાર બધા કાર્યકર્તાશ્રીઓનો અમે હૃદયથી આભાર માનીએ છીએ. આ લખાણથી કોઈના હૃદયને દુ:ખ પહોચ્યું હોય તો "મિચ્છામી-દુક્કડમ્ "

***ઔરંગાબાદ : ૪-૧૨-૧૨ - સૌ. કાશ્મીરા વિનોદ લોડાયા***

## "પ્રકાશ-સમીક્ષા"ના ઉપયોગી લેખો

પ્રકાશ સમીક્ષાના તાજેતરના અંકોમાં શ્રી પ્રવીણચંદ્ર શામજી ધરમશી (સુરત)ના લેખો "લક્ષ્મી સચવાય છે સરસ્વતી વેંચાય છે". "આજનો મહારોગ મજા આવવી જોઈએ" Social Cyber Crimes ખૂબજ મનનીય અને ખાસ કરીને આજના યુવાનોએ ધ્યાનપૂર્વક વાંચી અગમચેતી લઈને જરૂરી પગલાં લેવા જોઈએ.

શ્રી પ્રવીણ ખોના (મુંબઈ) શ્રી પ્રવીણ દામજી ડાઘા (ચેન્નઈ)ના સામાજીક - આધ્યાત્મિક અને ધર્મ-અધર્મનો ભેદ સમજાવતા લેખો અને શ્રી પ્રવીણ લોડાયા (વડોદરા)ના માર્મિક કટાક્ષયુક્ત ધાર્મિક-સામાજીક રિવાજો ઉપરના લેખો ખૂબજ સરસ હોય છે.

એવીજ રીતે ડો. વીરચંદ લખમશી નાગડાના આરોગ્ય માટેના ઉપયોગી ટીપ્સ ખૂબજ માહિતીપ્રદ હોય છે. આ બધાને અને "પ્રકાશ સમીક્ષા"ને આવા ઉપયોગી લેખો છાપવા બદલ ધન્યવાદ.

***કોચીન : ૧૮-૧૨-૨૦૧૨ - રમેશ જેઠાભાઈ નાગડા***




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા સાધર્મિક સહાય

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ખાતા ફંડસ્ દ્વારા જરૂરતમંદ જ્ઞાતિજનોને અપાતી માસિક સાધર્મિક સહાય ત્રણ મહિના ઓક્ટોબરથી ડિસેમ્બર ૧૨ માટેની રકમ મોકલી અપાઈ છે. આ પ્રકારે અપાતી રકમ સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરાય છે. આ બાબત વધુ પુછપરછ અનંતનાથ ટ્રસ્ટ, મસ્જીદબંદર કાર્યાલયે કરી લેવા જણાવાયું છે.

### ભાંડુપમાં ધર્મ આરાધના

કારતકી પૂનમે સિધ્ધાચલ પટ્ટ સમક્ષ ભાવવંદન સાથે ૧૦૮ ખમાસમાની ક્રિયા કરાઈ. ભાતાનો લાભ મા. ધનબાઈ સોજપાર છેડા હ. જિતેન્દ્ર ટોકરશી લોડાયા તથા શ્રી મેઘજી નથુ મોતા પરિવાર (નલીયા) હ. લહેરચંદભાઈ તરફથી લેવાયેલ. નૂતન વર્ષે જિનાલય દ્વારોદ્ઘાટનનો લાભ શ્રી લહેરચંદ રતનશી ડાઘા (વરાડીયા), ગંભારા ખોલવાનો આણંદ પરિવાર હ. કુમાર દંડ, તથા મહાવીરસ્વામીનો ગંભારો ખોલવાનો લાભ શ્રી જીતેન્દ્ર ટોકરશી લોડાયા (રવા ) એ લીધેલ.

પૂ.સા.. શ્રી કલ્પગુણાશ્રીજી મ.સા.એ ગૌતમસ્વામીનો રાસ વાંચી., સકળ સંઘ સમક્ષ મિચ્છામીદુક્કડ માંગેલ.. સંઘ તરફથી શ્રી લહેરચંદ મૈશેરીએ ઋણસ્વીકાર સાથે મિચ્છામીદુક્કડં માંગેલ..

નવા વરસે સતત ૧૫ વરસે શ્રી સંઘને મા. કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા તરફથી ગોળ તથા શ્રીફળની સુકનવંતી પ્રભાવના થઈ.

આદેશ્વરદાદાને અનંતનાથ ટ્રસ્ટ તથા શ્રી ભાંડૂપ સંઘના ભાઈ-બહેનો તરફથી "હિરાજડીત" સિલ્વર આંગી દિવાળીના વાજતે ગાજતે ચઢાવતાં ભાંડુપવાસીઓ અને બહોળી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો.. યુવા ત્રિપુટી તેજસ મહેન્દ્ર ખોના., શ્રી પ્રતિક મધુકર લોડાયા અને શ્રી ચિરાગ પ્રવીણ પીરિ ન ખપના જૂના કપડા, પ્લાસ્ટીક, વાસણો વગેરેના ૭૮ બંડલ ભેગા કરી પોતાના ખર્ચે અનાથાશ્રમમાં પહોંચતા કરી અનોખી રીતે દિવાળીની ઉજવણી કરી.. અનુમોદનીય કાર્ય કર્યું.. શ્રી સંઘે તેમને પીઠ થાબડી પ્રોત્સાહિત કર્યા..

શ્રી ધનેશ કુંવરજી લોડાયાએ અન્ય જૈન સમાજોના સહકારે ફટાકડા ન ફોડવાના અભિગમના પ્રચારાર્થે યોજેલ રેલીમાં ૭૫૦ જણાં જોડાયા તેમજ આ પ્રયાસને પ્રચંડ પ્રતિસાદ મળ્યો.

૧૦૮ પ્રતિક્રમણ, ૧૨૦ શ્રુત સામાયિક તથા ૪૫૦ બાંધી નવકારવાળીના સંકલ્પ સાથે ચાતુર્માસ પૂર્ણાહુતી કરનાર ૭૦ આરાધકોની સંઘે અનુમોદના કરી સુંદર ભેટ આપી.. સાથે શ્રી ધનેશ લોડાયાની અપીલે ફટાકડા ન ફોડનારા બાળકોનું અને નિબંધમાં ભાગ લેનારા ભાંડુપમાં સર્વ શ્રેષ્ઠ કૃતિ, રિધ્ધિ ચિરાગ લોડાયા, ચિત્ર - કુ. પૂજા રાકેશ, કુ. જિનાંગી પારસ મૈશેરી તથા સ્લોગન રચનામાં લહેરચંદ મૈશેરીને ઇનામો અપાયા..

શ્રી મેઘજી લખમશી સોની (સુથરી) તથા સૌ.. હિરાબેન સોની સજોડે પાલીતાણા તીર્થે શ્રી હિતેશભાઈ મોતાના સમીયાણે ભાવપૂર્વક ચાતુર્માસ આરાધના પૂર્ણ કરી..

પૂ.સા.શ્રી અનંતકીર્તીશ્રીજી મ.સા.ના વર્ધમાન તપની ૧૦૦મી ઓળીના પારણાંમાં લાલબાગ જઈ ભાંડુપ સંઘવાસીઓએ ભાવસભર અનુમોદના કરી.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જખૌ

મહાજનશ્રીના ઉપક્રમે જખૌવાસીઓનું વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ રવિવાર તા..૩૦-૧૨-૧૨નાં સવારે ૧૦ થી સાંજે ૮માં ભાંડુપમાં શેઠ નરશી નાથા સભાગૃહ, અનંતસિધ્ધિ સંકુલમાં યોજાયેલ છે. આ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા....
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

હાલમાં જ્ઞાતિમાં કચ્છ અને મુંબઈમાં યોજાયેલ સમુહ લગ્ન પરંપરામાં જોડાઈને ભાગ લેનારા સર્વે નવપરણીત યુગલોને હાર્દિક અભિનંદન...
- "તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

પ્રસંગે સર્વે જખૌવાસીઓ તથા જખૌની નિયાણીઓને પધારવા આમંત્રણ છે. બપોરે ૩ વાગે મહાજનશ્રીની વાર્ષિક સામાન્યસભા છે જેમાં મહાજનશ્રી અને દેરાસર ટ્રસ્ટના અહેવાલ અને વાર્ષિક હિસાબોની રજુઆત થશે. જખૌ જિનાલયના જરૂરી જિર્ણોધ્ધાર તથા અતિથીગૃહ-ભોજનાલયના રીપેરીંગ-નૂતનીકરણ અંગે નિર્ણય લેવાશે.

## શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ

તેરા, કુવાપધર, લાખાણીયા, ધુફીના જ્ઞાતિજનોનું વાર્ષિક સ્નેહમિલન તા.૬-૧-૧૩ના સવારે ૮ થી સાંજે ૮ સુધી શેઠ નરસી નાથા સભાગૃહ અનંતસિધ્ધિ, ભાંડુપ (વે)માં યોજાયેલ છે. એ પ્રસંગે વિવિધ કાર્યક્રમો રહેશે. ચારે ગામવાસીઓને પધારવા આમંત્રણ છે.

## રાપરવાસ યુથ ફોરમ

રાપર અને નાનીસિંધોડી (નવાવાસ)ના સભ્યો માટે તા.૯-૧-૧૩નાં કુમાર રીસોર્ટ-લોનાવલા એક દિવસીય પર્યટન છે. વ્યક્તિદીઠ ચાર્જ રૂા.૬૦૦/- (જમણવાર સહિત) છે. સર્વેને નામ નોંધાવી ભાગ લેવા આમંત્રણ છે.

## કોઠારામાં મેડીકલ નિદાન કેમ્પ

પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી નિર્મલ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ વર્ધમાનનગર (કચ્છ) દ્વારા શ્રી નેણશી જીવરાજ પાલાણી (કોઠારા) પરિવાર હસ્તે શ્રીમતિ લીલમબેન દેવજી પાલાણી (વરસોવા-અંધેરી)નાં સહયોગથી તા.૩૦/૧૨/૧૨ના જી.ટી.હાઈસ્કુલમાં સર્વ રોગ નિઃશુલ્ક મેગા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પમાં જુદા-જુદા રોગોનાં ભુજના નિષ્ણાતો અને ખ્યાતનામ ડોક્ટરશ્રીઓ દ્વારા દર્દીઓનાં દર્દનું નિદાન કરાય છે. કેમ્પમાં દર્દીઓને દવાઓ ફ્રી આપવામાં આવશે. બહારગામથી આવતા દર્દીઓ માટે કોઠારા બસ સ્ટેશનથી કેમ્પ સ્થળે જવા-આવવા વાહન વ્યવસ્થા તથા બપોરે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

નામ નોંધણી સંપર્ક : (૦૨૮૩૧) ૨૮૨૨૪૦ અથવા ૦૯૭૨૪૩૮૨૩૪૫/૯૭૧૨૦૪૩૯૧૯

## શ્રી મોટીખાવડી શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ

આ વર્ષે મોટીખાવડીમાં પૂ.સા.. શ્રી મહોદયશ્રીજી મ.સા.આ.ઠા.નું ચાતુર્માસ કરાવવાની ભાવના હોઈ તે અર્થે પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીજી આ.ઠા.ને વિનંતી કરવા દેઢીયા (કચ્છ) તા.૧૬-૧૨-૧૨ના ગયેલ. સંઘે પૂજ્યશ્રીને ગુરૂવંદન કરી ચાતુર્માસ માટે વિનંતી પત્ર આપેલ. આ માટે સ્થાનિક અને મુંબઈથી ૧૫-૧૭ ભાવિકો સંઘરૂપે ગયેલ. ત્યાંથી સામખીયાળી પૂ. સા. શ્રી મહોદયશ્રીજી તથા પૂ.સા.શ્રી યશોદયશ્રીજી મ.સા.ને પણ વંદન કરી આશીર્વાદ લીધા હતા.. સતત ત્રણ વર્ષના સંઘના પ્રયાસ બાદ આ વર્ષે ગુરુ દેવના ચાતુર્માસનો લાભ મળશે. આ પ્રયાસોથી સંઘમાં આનંદની લહેર પસરી છે. આ વર્ષે વધુ સંખ્યામાં ભાવિકો ચાતુર્માસ આરાધના અને પર્યુષણ પર્વ ઉજવવા વતનમાં ગામે પધારશે. ઘણાં સમયબાદ ફરી હાલાર પથકમાં પૂજ્યશ્રીઓનું ચાતુર્માસ મળી રહ્યું હોઈ સમગ્ર વિસ્તારના ભાવિકો આનંદ ઉત્સાહમાં વિવિધ આયોજનોની તૈયારી કરી રહ્યા છે.

## હિતેશ મોતીચંદ શિયાડ

શ્રી હિતેશ મોતીચંદ શિયાડ (જખૌ-રાયપુર)એ તા.૨૬-૧૧ના આતંકવાદી હુમલામાં ભોગ બનેલા શહીદોને અનોખી રીતે શ્રધ્ધાંજલિ આપવા પોતાના લીવર ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન થયેલ છતાં છેક રાયપુરથી સ્વયં સતત ૧૮ કલાક (૧૨૦૦ કિ.મી.) કાર ચલાવીને મુંબઈ આવીને શહીદોને વિવિધ સ્થળે માથું ટેકવીને હાર્દિક શ્રધ્ધાંજલિ આપી હતી. તેમણે આ હુમલામાં વીરગતિ પામેલા શહીદોને વંદન કરતાં છતીશગઢ રાજ્યવતી અનોખીરીતે શ્રધ્ધાંજલિ આપવનો સંકલ્પ પુરો કર્યો હતો.

સેંટ્રો કારને શહીદ શ્રધ્ધાંજલિ સંદેશ સાથે તા.૧૫-૧૨-૧૨નાં મુંબઈ આવી એ જાબાંજવીરોને માનવંદના આપીને જરા હટકે શ્રધ્ધાંજલિ આપવાનું સપનું સાકાર કર્યું હતું. તેમના આ સાહસને સ્થાનિક વર્તમાનપત્રોમાં નોંધ લેવાઈ છે.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.

પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા. ચાતુર્માસ પરિવર્તન બાદ મુંબઈ પરાંઓમાં ધર્મલાભ આપતાં વિહાર કરી અલીબાગ અચલગચ્છ સંઘના જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે નિશ્રા આપી. ત્યાંથી વિહાર કરતાં નવી મુંબઈ સંઘમાં પધાર્યા. એ પછી વિહાર કરી અંબરનાથ, કલ્યાણ, મોહને, ડોંબિવલી વગેરે સ્થળે શાસન પ્રભાવના કરતાં ફરી મુંબઈ પધારેલ છે. પૂજ્યશ્રી ૬૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. એમના જન્મદિન નિમિતે પર્વ અચલગચ્છ સંઘમાં એક વિશેષ કાર્યક્રમ ગોઠવાયો છે.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતી ગ્રુપ - મુંબઈ

ગ્રુપ દ્વારા તા.૮ અને ૯-૧૨-૧૨ના આદીપુર (કચ્છ)માં સમુહલગ્નોત્સવ-૨૦૧૨ આનંદ ઉમંગે સંપન્ન થયેલ. જેમાં કન્યાઓ માટે ખોંભાનો છાલ (ઘરચોળો) અને સાચા હીરાના કાનફુલ શ્રીમતી સીમાબેન લબ્ધીકુમાર મોમાયા (ભલારાદાદા એસ્ટેટ એજન્સી-ગાંધીધામ) તરફથી અને કસબના ચણીયાચોલી માતુશ્રી કુંવરબાઈ ભવાનજી સોની હસ્તે જોય બિલ્ડીર્સ, જયંતીભાઈ સોની તરફથી અપાયા હતા. લગ્ન મંડપ સર્વે વિધિપુર્વક અને લગ્નગીતોથી ગાજી રહ્યું હતું. સર્વ જાનૈયા-માનૈયાએ લગ્ન સમારોહ માણેલ. બીજા દિવસે તા.૧૦-૧૨-૧૨ના સાંઘવગામે શાંતિનાથદાદા તેમજ વાછરાદાદાના દર્શન કરવા નવદંપતી તેમજ તેમના પરિવારજનો સારી સંખ્યામાં સાંઘવ પધાર્યા હતા. ગ્રુપના કાર્યકરો વિશાલ લોડાયા, ડોલર લોડાયા, રઘુભા જાડેજા, કેતન મૈશેરી અને સર્વ કાર્યકરો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા દરેક નવયુગલોને એક વર્ષ માટે મેડીક્લેમની પોલીસી ભેટ રૂપે આપવામાં આવેલ. ગ્રુપનાં આમંત્રણને માન આપી સમસ્ત દાતા પરિવારો, તેમજ કન્યાદાનમાં રૂા.૨૫૧થી વધારે દાન આપનાર દાતાશ્રીઓ, આમંત્રિત મહેમાનો જાનૈયા-માનૈયાનો તથા આ પ્રસંગે દેશ-દેશાવળ-મુંબઈથી વિવિધરીતે ઉષ્માભર્યા શુભેચ્છા સંદેશા પાઠવનાર સર્વેનો ગ્રુપ દ્વારા આભાર વ્યક્ત કરાયેલ. આગામી સમુહ લગ્ન ફરી ડીસેમ્બર ૧૩માં યોજાશે.


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)


## સમેતશિખર યાત્રા પ્રવાસ

તા.૭-૧૨ થી ૧૯-૧૨-૧૨ દરમ્યાન શ્રી લક્ષ્મીચંદ શામજી લોડાયા તથા મહેન્દ્ર ટોકરશી નાગડા (નલિયા)ની સ્મૃતિમાં મહાલક્ષ્મીબેન તરફથી ૪૦ કુટુંબીજનો હીના ટુર્સ સાથે શ્રી સમેત શિખરજી તીર્થ યાત્રાએ ગયેલ. મુંબઈથી ટ્રેન દ્વારા પ્રવાસ કરી ૯-૧૨ના પારસનાથ સ્ટેશને ઉતરી મધુબન પહોંચ્યા. ત્યાં તળેટીના જિનાલયો, મ્યુઝીયમ વગેરે દર્શન કરી. બીજા દિવસે વહેલી સવારે પહાડયાત્રા કરી. રાત્રી મુકામ કરી ૧૧-૧૨ના ઋજુવાલીકા મહાવીરસ્વામિ કેવલજ્ઞાન ભૂમિના દર્શન કરી રાતે ભાગલપૂર પહોંચ્યા. ત્યાં ભાવના ભણાવી. જેમાં કાર્તિકભાઈ, પ્રતિમાબેન ડો. રાજેન્દ્ર કુરવા, ડો. મંજુષા કુરવા, કુમુદબેન હેમંત વગેરેએ સુંદર સાથ પૂરાવ્યો. ત્યાંથી બીજે દિવસે લછુઆડ પહોંચ્યા. ત્યાં સેવા પૂજાનો લાભ લઈ શ્રી ગૌતમસ્વામિ ગણધરની કેવળજ્ઞાનભૂમિ શ્રી ગુણીયાજી તીર્થના દર્શન કર્યા. ચંપાપુરી-ભાગલપુર દર્શન જ્યાં વાસુપુજ્યશ્રીના પાંચ કલ્યાણક છે. રાત્રીમુકામ રાજગૃહી પહોંચીને કર્યો. ત્યાં મુનિસુવ્રતસ્વામિ જિનાલય, પહાડ દર્શન, શાલીભદ્રનો કુવો, ગરમ પાણીના કુંડ વગેરે જોયા બાદ સાંજે રોપવે દ્વારા બુધ્ધ ભગવાનના શાંતિ સ્તુપના દર્શન કર્યા. તા.૧૫-૧૨ના સવારના ગૌતમસ્વામિની જન્મભૂમિ કુંડલપુરમાં દર્શન કર્યા. તથા નાલંદા વિશ્વવિદ્યાલય વિષેની ડોક્યુમેન્ટરી ફીલ્મ દ્વારા માહિતી મેળવી. ત્યાંથી રવાના થઈ પાવાપુરીમાં જુના-નવા મંદિરોમાં સેવાપૂજા કરીને 'જલમંદિર'માં આરતીનો લાભ શ્રી લક્ષ્મીચંદ શામજી પરિવાર તથા મંગળ દીવાનો લાભ ગોવિંદજી ખીમજી દંડ (લાલા)એ લીધો.

તા.૧૬-૧૨ના વારાણશી પહોંચ્યા. ત્યાં ભેલુપુર-ભદેની-સારનાથમાં સંધ્યા આરતી તથા બીજા દિવસે. ચંદ્રપૂરી-સિંહપુરીમાં સેવાપુજા-આરતી વગેરેનો લાભ લઈ. રાતે ટ્રેન દ્વારા મુંબઈ તરફ પ્રયાણ કર્યું. યાત્રિકોને આવાસ અને ખાનપાન વ્યવસ્થા, પ્રવાસમાં અંતાક્ષરી-ગીત સંગીતના તાલે ગરબા, ગેમ રમાડવી વગેરેમાં સુંદર સાથ રહ્યો. કુટુંબીજનોમાંથી મનોજભાઈ-પ્રીતિબેન, ચેતનાબેન, હેમંતભાઈનો યાત્રા દરમ્યાન સારો સહયોગ રહ્યો. પૂર્વ તૈયારી ભવ્યાબેન તથા ધર્મેશભાઈએ કરેલ. તથા યાત્રા


શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

દરમ્યાનની જવાબદારી સરિતાબેન થા જયેશભાઈએ સફળતાપૂર્વક સંભાળેલ. સરિતાબેને દરેક જગ્યાએ દર્શન વિધિ કરાવી ભાવનામાં મધુરકંઠે રમઝટ જમાવી.

### જલગામમાં ચાતુર્માસ સમાપન કાર્યક્રમ

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા એવં શુભાશીર્વાદથી જલગામને વરસો બાદ પૂ.સા.જયદર્શિતાશ્રીજી મ.સા.આ.ઠા.-૨નું ચાતુર્માસ મળ્યું. ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાન, વિવિધ અનુષ્ઠા, શિબીરો, તપ, જપ અને નિતનવી આરાધનાઓ થઈ. તા.૨૫-૧૧-૧૨ના શ્રી કચ્છી દશા-વિશા મહાજન-જલગામ તરફથી તથા તા.૨૭-૧૧ના શ્રી જૈન શ્વે.મુ.સંઘ જલગામ તરફથી ચાતુર્માસ સમાપનનો કાર્યક્રમ યોજાયેલ. નુતન ભાવના મંડળની બહેનોએ સ્વસ્તિક આકારે ગોઠવાઈને ગુરૂવંદનનો અદ્દભૂત લાભ લીધો. વિવિધ વક્તાઓએ, ટ્રસ્ટીગણે, ચાતુર્માસ સંબંધી પોતાના વક્તવ્યો તથા વિહારની વેદના રજુ કરી. વિવિધ અનુષ્ઠાનો રંગોળીઓ-માંડલાઓ આદિ દ્વારા બહેનોને ઘણું જાણવા મળ્યું. વ્યાખ્યાન દ્વારા પણ જ્ઞાનગંગાનો બધાએ સારો લાભ લીધો.

કાર્તિક સુદ ૧૫ના ૨૮ના સિધ્ધાચલની ભાવયાત્રા સહ ૧૦૮ ખમાસણાનો કાર્યક્રમ થયો ૬૦૦થી અધિક ભાવિકોએ લાભ લીધો.

કારતક વદ ૨ તા.૩૦-૧૧ ના સવારના "ઠાણાઓ ઠાણા"નો લાભ માતુશ્રી દમયંતીબેન માણેકજી છેડા (જશાપર) પરિવારે લીધો. શ્રી સંઘ સાથે વાજતે ગાજતે પૂજ્યશ્રી વાસુપૂજ્ય જિનાલયથી સૌ. શીલ્પાબેન કલ્પેશભાઈ છેડાના નુતન નિવાસસ્થાને પધાર્યા. ત્યાં પ્રાસંગિક પ્રવચન થયું. પ્રથમ કલ્પેશભાઈના પરિવારે, મહેમાનોએ અને સમસ્ત સંઘે ગુરૂપૂજનનો લાભ લીધો. કલ્પેશભાઈના ઘરે શ્રાવકોના સામાયિક મંડળની જાહેરાત થતાં ઘણાંએ લાભ લીધો. દર રવિવારના બપોરના ૩ થી ૪ શ્રાવકોએ સામાયિક કરવાનો સંકલ્પ કરેલ છે.

શ્રી સંઘની નવકારસીનો તથા સંઘના દુધથી ચરણ પ્રક્ષાલન કરી સંઘપૂજનનો લાભ શીલ્પાબેન તથા કલ્પેશભાઈએ લીધેલ. સારી સંખ્યામાં સહુએ પધારીને લાભ આપ્યો. શ્રી કચ્છ કેશરી યુવક મંડળે ઠેર ઠેર બેનરો લગાડી વિહાર અને વિદાયને ચિર સ્મરણીય બનાવી. પ્રત્યેક કાર્યમાં ખડા પગે સેવા આપીને મંડળે પોતાની શાસન ભક્તિ અને ધર્મરૂચિનો સહુને પરિચય કરાવ્યો.

પૂજ્યશ્રીએ બે દિવસ કલ્પેશભાઈના ઘરે સ્થિરતા કરી આજુબાજુમાં વસતા શ્રાવક-શ્રાવિકાઓને લાભ આપ્યો. ત્યાંથી બધાને લાભ આપતા આપતા શ્રી શાંતિલાલભાઈ લાપસિયા, કુમારભાઈ પોલડીયા, પંકજભાઈ મોમાયા, હેમંતભાઈ ગાલા વિગેરેના ઘરે લાભ આપતાં રાયસોની ફાર્મ હાઉસ પધાર્યા જ્યાં પ્રવચન, જાપ, સંઘ ભક્તિ-સંઘપૂજન કરી. તા.૧૨-૧૨-૧૨ના જાપ અનુષ્ઠાનમાં નિશ્રા આપી તા.૧૬-૧૨-૧૨ ચાલીસગામ પહોંચ્યા છે.

### રાયપુરમાં રક્તદાન શિબિર

'સમર્પણ' સંસ્થાના ઉપક્રમે અને મૉડલ બ્લડ બેંક (ડૉ. આમ્બેડકર હૉસ્પીટલ)ના સહયોગથી તા.૯-૧૨-૧૨ના આર.ડી.એ. કૉલોની, ટિકરાપારા, રાયપુર (છ.ગ.)ના પ્રાંગણમાં રક્તદાન શિબિર યોજાયેલ. આ શિબિરમાં ૪૩ બોટલ રક્ત એકત્ર થયેલ. મહિલાઓએ પણ ભાગ લીધેલ. આ સંગ્રહિત રક્ત હૉસ્પીટલના નબળા અને જરૂરતમંદ દર્દીઓને નિશુલ્ક અપાશે.

આ પ્રસંગે છ.ગ. સ્ટેટવેયર હાઉસ કારપોરેશનના ચેરમેન શ્રી અશોક બજાજ પધારેલ. સૌની જહેમતે શિબિર સફળ રહ્યું. શ્રી રતનકુમાર ચાંપશી નાગડા 'સમર્પણ'માં NGO પદે કાર્યરત છે.

### "અનંતછાયા" અંગે સુનાવણી

ચેરીટી કમીશનર કાર્યાલયે ચાલી રહેલ "અનંતછાયા" બાબતની આગળની સુનાવણી તા.૩૧-૧૨-૧૨નાં થશે.


**મનગમતા પાત્રની શોધ**

જીવન છે જીવવા જેવું, માણવા જેવું. એમાં જો સાથી મળી જાય મનગમતું તો તો વાત જ શું કરવી. મનગમતા સાથીની ખોજ હવે નથી મુશ્કેલ. આવો અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવાના વિશાળ ફલક પર અને હજારો, લાખો માઈલ ભલેને દુર હોય મનગમતું પાત્ર પણ આપ સહેલાઈથી તેને શોધી શકશો અને પામી શકશો. તો આજે જ અસાંજો કચ્છ ડોટકોમની વેવિશાળ સેવાનો લાભ લો.

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

**Registrar online on : www.asanjokutch.com/matrimonials**


**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**

તા.૨૬-૨૭ જાન્યુ'૧૨ મુંબઈમાં સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડ, મહાસમિતિ અને સમસ્ત જ્ઞાતિસ્તરે સંસ્થાકીય કાર્યકર સંયુક્ત બેઠક હોઈ સર્વેને સમયસર પધારવા વિનંતી છે.

આ મહત્વની બેઠકોને ધ્યાનમાં લઈ આપના કાર્યક્રમો તે મુજબ ગોઠવવા અપીલ છે. આ બે દિવસ સૌનું મુંબઈ રોકાણ જરૂરી છે.

સમસ્ત મહાજનના મુંબઈ-મુલુન્ડ કાર્યાલય માટે સમાજસેવા કાર્યના રસિક, અનુભવી ભાઈ કે બહેન કાર્યકરની જરૂરત છે. આપની વિગતવાર લેખિત અરજી આવકાર્ય. યોગ્ય પગાર અપાશે.

**સંપર્ક : 022-25903514-5-6, 09323360708**

**નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**પ્રિતી ગુલાબચંદ નાગડા** ૧૦૩, ઓમ મારુતિધામ, ગુપ્તે રોડ, જયહિંદ કોલોની, ડોંબિવલી (વે)-૪૨૧૨૦૨. ફોનઃ ૦૯૭૬૯૩૪૮૧૧૫

**વર્ધમાન હીરજી લોડાયા** દવાખાના પાસે, કોઠારા (કચ્છ) ૩૭૦૬૪૫ ફોન : ૦૨૮૩૧-૨૮૨૧૧૧

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯-૧૨-૧૨ | ડોંબિવલી | BHDU050403 | પર્લ-ભાવિન ભોજરાજ ધુલ્લા | ભરૂડીયા | પુત્ર |
| ૧-૧-૧૨ | વડોદરા | SIMO130403 | કવન-કેવલ ગૌતમ મોમાયા | સાંયરા | પુત્ર |

**સગપણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૧૨-૧૨ | અમેરિકા | KRDD010904 | સિધ્ધાર્થ પ્રફુલ ધનજી દંડ | કોઠારા | ૨૮ |
| | રાયપુર | SILO250103 | નિધિ હરીશ જવેરચંદ લોડાયા | સાંયરા | ૨૪ |

**લગ્ન**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ યોજીત દ્વલ્મો સમુહલગ્ન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬-૧૨-૧૨ | ડોંબિવલી | DALO030704 | ધાર્મિક વિનોદ ભવાનજી લોડાયા | દલુતુંગી | ૨૮ |
| | વિક્રોલી | BHDH020803 | ધર્મિષ્ઠા બંકીમ દામજી ધરમશી | ભરૂડીયા | ૨૬ |
| ૧૬-૧૨-૧૨ | ડોંબિવલી | LLDD060204 | ધવલ અશોક પદમશી દંડ | લાલા | ૨૬ |
| | ડોંબિવલી | A | પ્રિયા વિનોદ હરગોવિંદભાઈ પંડ્યા | મહુવા | ૨૩ |
| ૧૬-૧૨-૧૨ | ડોંબિવલી | RAKN060403 | ગૌરવ તેજસ ભવાનજી ખોના | રંગપુર | ૨૭ |
| | ભાંડુપ | NLCD030104 | ખુશ્બુ લહેરચંદ નરશી છેડા | નલીયા | ૨૭ |
| ૧૬-૧૨-૧૨ | ડોંબિવલી | JKMU010604 | પુર્વેશ વિજય રાયચંદ મુનવર (જીવાણી) | જખૌ | ૨૮ |
| | ડોંબિવલી | JKMA031003 | કોનિકા લલીત નેણશી મૈશેરી | જખૌ | ૨૬ |
| ૧૬-૧૨-૧૨ | વિઠ્ઠલવાડી | JKMA140204 | દીપક હીરાચંદ પ્રેમજી મૈશેરી | જખૌ | ૨૬ |
| | ડોંબિવલી | A | કોમલ સુપુડુ તાઈડે | જલગામ | ૨૪ |
| ૬-૧૨-૧૨ | રાયચુર | VVLO100303 | વિનય હંસકુમાર વીરચંદ લોડાયા | વારાપધર | ૨૫ |
| | પારોલા | GEDA010103 | રીટા વેલજી મોરારજી ડાઘા | ગોએરસમા | ૨૩ |
| ૭-૧૨-૧૨ | ઘાટકોપર | NLNG130303 | સ્મિત પરેશ ભવાનજી નાગડા | નલિયા | ૩૦ |
| | ડોંબિવલી | KRLI010504 | અનીતા મહેશ લખમશી લાપશીયા | કોઠારા | ૨૪ |
| ૧૬-૧૨-૧૨ | દાવણગેરી | NLLO140305 | તેજસ પ્રવીણ કેશવજી લોડાયા | નલીયા | ૨૮ |
| | નાગપુર | DUPL021303 | અપેક્ષા (બીજલ) નરેન્દ્ર મેઘજી પોલડીયા | ડુમરા | ૨૫ |
| ૭-૧૨-૧૨ | બેંગ્લોર | NLCD040504 | નિખીલ ગુલાબચંદ હીરજી છેડા | નલીયા | ૨૬ |
| | લાલા | LLNG014004 | માસુમી હેમચંદ ભવાનજી નાગડા | ખીડકીયા | ૨૫ |
| ૩૦-૧૧-૧૨ | ડોંબિવલી | DALO040207 | રોહિત રાયચંદ લાલજી લોડાયા | દલતુંગી | ૨૫ |
| | ડોંબિવલી | SMMA010503 | ધર્મિષ્ઠા રમેશ માડણ મૈશેરી | મોટીસિંધોડી | ૨૪ |

**મરણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩-૧૨-૧૨ | ડોંબિવલી | DALO060403 | સમીર કિશોર ભાણજી લોડાયા | દલતુંગી | ૨૮ |
| ૧૫-૧૨-૧૨ | સેન્ડહર્સ્ટ રોડ | VRLO040601 | પ્રિયકાંત નરશી ચત્રભુજ લોડાયા | વરાડીયા | ૫૭ |
| ૧૭-૧૨-૧૨ | મુંબઈ | NLNG021402 | જયવંતી ચીમનલાલ શામજી નાગડા | નલીયા | ૮૬ |
| ૧૭-૧૨-૧૨ | ગદગ | RYLT011402 | ધરણેન્દ્ર રમેશ લાલજી લુઠીયા | રાયધણજર | ૩૪ |
| ૧૮-૧૨-૧૨ | વડાલા | DADD060102 | પુષ્પાબાઈ શાંતિલાલ લાલજી દંડ | દલતુંગી | ૯૬ |
| ૧૯-૧૨-૧૨ | કાંજુરમાર્ગ | RNMO011001 | પ્રેમચંદ દેવજી ખીમજી મોમાયા | રાણપુર | ૯૪ |
| ૧૯-૧૨-૧૨ | ડોંબિવલી | GODH050101 | પ્રભાવંતી બાબુલાલ પદમશી ધરમશી | ગોરખડી | ૯૮ |

# પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી

## પરમાત્મા એ આત્માને પરમ શાંતિ આપજો...

જન્મ
૫-૧૧-૧૯૩૫



અરિહંતશરણ
૧૯-૧૨-૨૦૧૧

### સ્વ. અ. સૌ. ગુણવંતીબેન રતિલાલ ખોના

સ્વ. વાલજી વેરશી ખોના (નલિયા-માટુંગા)ના પૂત્રવધુ • સ્વ. કુંવરજી આશારીયા લોડાયા (અજાણી)ના દિકરી
જેમણે જીવનભર સંઘર્ષ ખેલીને અમારા પરિવારના બાગને સતત મહેકતો રાખ્યો.
એવું જીવન જીવી ગયા જે કદાપિ ભુલાશે નહીં
પતિ : રતિલાલ વાલજી ખોના (શાહ)

**❋ શ્રધ્ધાસુમન ❋**

પૂત્ર-પૂત્રવધુ : અ.સૌ. હર્ષા નિખિલ ખોના • અ.સૌ. ઉષા રાજેશ ખોના
પૂત્રી-જમાઈ : અ.સૌ. જયશ્રી જીતેન્દ્ર કુરૂવા • અ.સૌ. મૃણાલ દિલીપ દંડ
પૌત્ર : રોહન, હર્ષ, પાર્થ • દોહિત્ર-દોહિત્રી : દશ્ય, રિયા

-: શોકાતુર :-

અ.સૌ. નિર્મલા શાંતિલાલ શિયાલ • અ.સૌ. દમયંતી કાંતિલાલ અરજણ દંડ
અ.સૌ. નલિની ગુલાબચંદ પોલડીયા • અ.સૌ. ખમાવંતી લક્ષ્મીચંદ કાનજી લોડાયા
શ્રીમતી ચંદનબેન દેવશી રતનશી લોડાયા • શ્રીમતી લીલાવંતી ભવાનજી રતનશી લોડાયા (અજાણી)
શ્રીમતી જયા ધનજી કુંવરજી આશારીયા લોડાયા

# હાર્દિક અભિનંદન !



### ચિ. સુમિત વિસનજી મોતા (લાખણીયા - અમદાવાદ)

સુમિત વિ. શાહ M.B.A. (Finance) પરીક્ષામાં ૭૭.૬૦% સાથે ITM Business Group College. ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમન્ટમાં માર્ચ-૨૦૧૧માં ગોલ્ડ મેડાલીસ્ટ થયેલ છે. હાલ અમદાવાદની યુનીયન બેંકની બ્રાંચમાં આસી. મેનેજર તરીકે સેવા આપે છે. તેમજ ડીસેમ્બર-૨૦૧૨માં આસી. મેનેજર તરીકેની બેંકની ખાતાકીય પરીક્ષા ફર્સ્ટ ક્લાસમાં પાસ કરેલ છે. તેમની ઝળહળતી સફળતા બદલ હાર્દિક અભિનંદન અને ભવિષ્યમાં પણ હજી ઉંચા શિખરો સર કરે તેવી અંતરની શુભેચ્છા....

**શુભાશિષ**

ગં.સ્વ. દેવકાબેન કેશવજી મોતા (અમદાવાદ)
અ.સૌ. ઉર્મીલાબેન ઉતમચંદ મુનવર (મલકાપુર)
મો. ૯૪૨૬૩ ૫૫૧૪૫ / ૯૯૭૮૪ ૪૦૬૭૧.

# ભાવભીની શ્રધ્ધાંજલિ



પૂ. વડીલ મુરબ્બી શ્રી ચંદુલાલ નાંગશી લોડાયા, ૭૨ વર્ષની ઉંમરે ડોંબિવલી મુકામે શનિવાર તા.૨૪-૧૧-૧૨ના અરિહંતશરણ થયા. એ દુ:ખદ સમાચારથી જ્ઞાતિ મહાજન તથા વતનવાસીઓએ ગ્લાની અનુભવી હતી.

તેઓ સરળતા, સંતોષ, સાદગી, નીખાલસતા અને ધર્મનિષ્ઠા એવા સદ્‌ગુણોથી મળેલ માનવ જીવનને સુશોભિત કરનારા અને કુટુંબપ્રેમી એવા અમારા જીવનના પ્રેરણામુર્તિરૂપ વડીલ શ્રી ચંદુભાઈને સર્વે ગામવાસીઓના કોટી કોટી વંદન...

**-: શ્રધ્ધાસુમન :-**

શ્રી નાનીખાવડી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

